પ્રશ્નપુસ્તિકા શ્રેણી

# M

# HH02

**This Question Booklet Contains 24 Printed Pages**
**આ પ્રશ્નપત્રમાં કુલ 24 છાપેલાં પાનાં છે.**

| | |
|---|---|
| સમય : 3 કલાક | Time : 3 Hours |
| કુલ પ્રશ્નો : 100 | Total Questions : 100 |
| કુલ ગુણ : 100 | Total Marks : 100 |

ઉમેદવારનો બેઠક નંબર: Roll no :

**ઉમેદવારનો બેઠક ક્રમાંક :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

M

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં**

**ઉમેદવારોને સૂચના :**

(1) આ કસોટીપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે ચારેય વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે :

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી

(C) સુભાષચંદ્ર બોઝ (D) વિનોબા ભાવે

ઉત્તરપત્ર (OMR SHEET)માં

Ⓐ ● Ⓒ Ⓓ

ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે. આથી "B"નું વર્તુળ કાળું (encode) કરેલ છે. વર્તુળ કાળું કરવા માટે કાળી અથવા વાદળી બોલપેન જ વાપરવી, પેન્સિલ કે સ્કેચપેન વાપરવી નહીં. ઉમેદવારોએ જવાબમાં "મહાત્મા ગાંધી" લખવું નહીં.

(2) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(3) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ 1(એક) ગુણ મળવાપાત્ર થશે. આ વખતે બોર્ડ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી નથી.

(5) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(6) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) ઉત્તરપત્ર (OMR SHEET) ના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી હોવી ફરજિયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્રો (OMR SHEET) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. ઉમેદવારે પોતાની સહી સુવાચ્ય કરવાની રહેશે.

(8) આ પરીક્ષા "પુસ્તકો સાથે"ની છે, પરંતુ તે માટે પુસ્તકો તરીકે સરકારશ્રી દ્વારા બહાર પડાયેલ Bare Act/Rules (કોઇ પણ પ્રકારની ટીકા ટીપ્પણ કોમેન્ટ વિના) સાથે રાખી શકશો. પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી માન્ય પુસ્તકો સિવાયનું કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે વાદળી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં

ઉમેદવારની સહી:____________________ ખંડ નિરીક્ષકની સહી:____________________

પરીક્ષા પૂરી થયા બાદ (OMR SHEET) ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુકયા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે.તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

1. સરકારી કર્મચારીને ફરજમોકૂફી કરવામાં આવ્યો હોય તે તારીખથી કેટલા દિવસની મુદત પૂરી થતાં પહેલા તેની વિરુધ્ધ શિસ્ત વિષયક કાર્યવાહી શરુ ન થઇ હોય તો આવી ફરજમોકૂફી માન્ય ગણાતી નથી?

(A) ૯૦ (B) ૬૦

(C) ૪૫ (D) ૧૨૦

2. ગુજરાત સરકારના તમામ અધિકારીઓ કે જેમની ઉમર ૪૦ વર્ષથી વધુ હોય છે, તેમના માટે આરોગ્ય તપાસ ફરજિયાત છે અને તબીબી તપાસના અહેવાલના સારાંશની એક નકલ કામગીરી મૂલ્યાંકન અહેવાલ સાથે જોડવાની છે. આ આરોગ્ય તપાસ દર કેટલા વર્ષે કરાવવી ફરજિયાત છે?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) પાંચ

3. જયારે માંગવામાં આવેલ માહિતી વ્યક્તિના જીવન કે સ્વાતંત્ર્યને અસર કરતી હોય ત્યારે વિનંતી મળ્યાના કેટલા સમયમાં તે પૂરી પાડવી જોઇશે?

(A) ૨૪ કલાકમાં

(B) ૪૮ કલાકમાં

(C) ૭૨ કલાકમાં

(D) ૯૬ કલાકમાં

4. નીચેના વિધાનો પૈકી કયું/ કયાં વિધાન સાચું/ સાચાં છે?

(૧)
ઉપલા વર્ગની પંચાયત સેવા અથવા નીચલા વર્ગની પંચાયત સેવાના કર્મચારી ગુજરાત સરકારની બીજી કચેરી માટેની જગા માટે બારોબાર અરજી કરી શકે છે અને તેની જાણ ખાતાના વડાને કરવાની હોય છે

(૨)
ઉપલા વર્ગની પંચાયત સેવા અથવા નીચલા વર્ગની પંચાયત સેવાના કર્મચારીએ ગુજરાત સરકારની બીજી કચેરી માટેની જગા માટેની બારોબાર અરજી નિમણૂક સત્તાધિકારી મારફત કરવાની હોય છે

(A) માત્ર (૧) (B) માત્ર (૨)

(C) (૧) અને (૨) બન્ને (D) બન્નેમાંથી એકેય નહીં

5. એકી સમયે કેટલા દિવસ કરતાં વધારે મુદત માટે ફરજ મોકૂફી લંબાવી શકાશે નહીં?

(A) ૯૦ (B) ૧૨૦

(C) ૧૮૦ (D) ૨૪૦

6. ગુજરાત પંચાયત સેવા પંસદગી મંડળ અથવા પસંદગી સમિતિના કાર્યક્ષેત્રમાં આવતી ન હોય તેવી જગા ઉપરની નિમણૂકની જોગવાઇ ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮ના કયા નિયમમાં આપેલી છે?

(A) નિયમ-૯ (B) નિયમ-૭

(C) નિયમ-૮ (D) નિયમ-૧૬

7. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ની કલમ-૮ અને ૯માં વ્યાખ્યા કરેલા ગુનામાં રાજય સેવકોને દુષ્પ્રેરણ કરવા બદલ ઓછામાં ઓછી કેટલી શિક્ષાને પાત્ર થશે?

(A) ત્રણ મહિનાથી ઓછી ન હોય તેટલી કેદની શિક્ષા અને દંડ

(B) છ મહિનાથી ઓછી ન હોય તેટલી કેદની શિક્ષા અને દંડ

(C) એક વર્ષથી ઓછી ન હોય તેટલી કેદની શિક્ષા અને દંડ

(D) બે વર્ષથી ઓછી ન હોય તેટલી કેદની શિક્ષા અને દંડ

8. નીચેનામાંથી કઇ ''નાની શિક્ષા'' છે?

(૧) ઇજાફા અથવા બઢતીની રુકાવટ

(૨)
બેદરકારી અથવા હુકમના ભંગથી સરકારને થયેલ કોઇ આર્થિક નુકશાનની તેના પગારમાંથી આખી કે આંશિક વસૂલાત

(૩) પગારધોરણના નીચલા તબક્કાએ ઉતારવો

(૪) ફરજિયાત નિવૃત્તિ

(A) માત્ર (૧) (૨) અને (૩) (B) માત્ર (૨)

(C) માત્ર (૧) (D) માત્ર (૧) અને (૨)

9. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ રાજય સરકાર કેટલા "રાજય અપીલ સત્તામંડળ" ની રચના કરી શકે છે?

(A) ૨

(B) ૩

(C) એક અથવા વધુ

(D) ૪

10. સામાન્ય વહીવટ વિભાગના કઇ તારીખના જાહેરનામાથી કોઇપણ સરકારી કર્મચારી, ૧૪ વર્ષથી નીચેની ઉંમરના કોઇપણ બાળકને કામે રાખી શકશે નહીં તેવી જોગવાઇ ગુજરાત રાજય સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ના નિયમોમાં દાખલ કરેલ છે?

(A) તા.૩૦-૧૧-૨૦૦૦

(B) તા.૧-૬-૨૦૦૫

(C) તા.૨૧-૧૨-૧૯૮૮

(D) તા.૨૪-૩-૧૯૯૯

11. ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ના સંદર્ભમાં શિસ્ત અધિકારી એટલે આ નિયમો હેઠળ સરકારી કર્મચારીને નિયમ .......... માં દર્શાવેલ કોઇપણ શિક્ષા કરવાની સત્તા ધરાવતા અધિકારી.

(A) નિયમ-૯

(B) નિયમ-૬

(C) નિયમ-૧૦

(D) નિયમ-૧૧

12. ગુજરાત સરકારના વર્ગ-૩ના કર્મચારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ સંદર્ભમાં કર્મચારીઓની અપીલ અરજીના નિકાલ માટે જે સમિતિની રચના કરવામાં આવેલ છે, તેમાં અધ્યક્ષ ઉપરાંત કેટલા સભ્યોની જોગવાઇ છે?

(A) ૩

(B) ૧

(C) ૪

(D) ૨

13. માહિતી મેળવવા માટેની અરજી જો મદદનીશ સરકારી માહિતી અધિકારીને આપી હોય તો, નિયમાનુસાર જવાબ આપવાના સમયગાળામાં કેટલા દિવસનો સમય વધારવામાં આવશે?

(A) ૫ દિવસનો

(B) ૭ દિવસનો

(C) ૧૦ દિવસનો

(D) ૩ દિવસનો

14. સિનિયોરીટીની યાદીમાંના કોઇ દરજ્જા અનુસાર પંચાયત સેવામાં કોઇપણ વ્યક્તિને કાયમ કરવા માટે કયા સંજોગોમાં ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ અથવા યથાપ્રસંગ પસંદગી સમિતિની સલાહ લેવાની જરુર રહેતી નથી?

(૧) જો તેણે તે જગામાં અથવા કેડરમાં સંતોષકારક રીતે ત્રણ વર્ષ કરતા ઓછી ન હોય તેટલી મુદત સેવા બજાવી હોય

(૨) તે જગા માટે ઠરાવેલી કોઇપણ ખાતાકીય પરીક્ષા અથવા ભાષાની પરીક્ષા પાસ કરેલ હોય

(૩) તે જગા માટે ઠરાવેલી કોઇપણ તાલીમ સફળતાપૂર્વક પૂરી કરી હોય

(A) (૧) (૨) અને (૩)

(B) માત્ર (૧) અને (૨)

(C) માત્ર (૧) અને (૩)

(D) માત્ર (૨) અને (૩)

15. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ના વ્યાખ્યાયિત ચૂંટણી માં નીચેનામાંથી શાનો સમાવેશ થતો નથી?

(A) કોઇપણ કાયદા હેઠળ વિધાનમંડળના સભ્યો પસંદ કરવા માટેની ચૂંટણી

(B) કચેરીના માન્ય એસોસીએશનના હોદ્દેદારોની પસંદગી માટે કોઇપણ કાયદા હેઠળની ચૂંટણી

(C) કોઇપણ કાયદા હેઠળ સ્થાનિક સત્તામંડળના સભ્યો પસંદ કરવા માટેની ચૂંટણી

(D) કોઇપણ કાયદા હેઠળ સંસદના સભ્યો પસંદ કરવા માટેની ચૂંટણી

16. પંચાયત સેવાના કર્મચારી લાયકી આડ ઓળંગવા માટે અયોગ્ય હોવાના કારણે પગાર ધોરણમાં લાયકી આડ પર તેનો પગાર રોકવામાં આવે અને તે બાબતે અપીલ કરે તો તેનો નિર્ણય નીચેનામાંથી કોણ લે છે?

(A) જિલ્લા વિકાસ અધિકારી

(B) અધિકૃત કરેલ અધિકારી

(C) રાજ્ય સરકાર

(D) ઉપરના ત્રણમાંથી કોઇપણ

17. રાજ્ય સેવક તેમના કાયદેસરના મહેનતાણા સિવાયનું ગમે તે પ્રકારનું કોઇપણ તોષણ બીજી વ્યક્તિ પાસેથી સ્વીકારે અથવા મેળવે અથવા સ્વીકારવા સંમત થાય અથવા મેળવવાનો પ્રયત્ન કરે તે વ્યક્તિ કેટલી શિક્ષાને પાત્ર થશે?

(A) છ મહિના કરતાં ઓછી ન હોય તેટલી કેદની શિક્ષા

(B) છ મહિના કરતાં ઓછી ન હોય તેટલી પણ ત્રણ વર્ષ સુધીની કેદની શિક્ષા

(C) છ મહિના કરતાં ઓછી ન હોય તેટલી પણ પાંચ વર્ષ સુધીની કેદની શિક્ષા

(D) છ મહિના કરતાં ઓછી ન હોય તેટલી પણ પાંચ વર્ષ સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે

18. ગુજરાત પંચાયત સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૯૮ની જોગવાઇ કોને લાગુ પડશે નહીં

(A) જે અધિકારીઓ અને નોકરો પંચાયતમાં પ્રતિનુક્તિ પર હોય

(B) જેમની સેવાઓ પંચાયતને ઉછીની આપવામાં આવી હોય

(C) વિકલ્પ (A) અને (B) બન્ને

(D) વિકલ્પ (A) અને (B) બન્નેમાંથી એકપણ નહીં

19. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ /નિયમો અન્વયે ફરિયાદ નિવારણ અધિકારી તરીકે જે અધિકારી નિમાય તે અધિકારી, મુકરર અધિકારી કરતાં ઓછામાં ઓછાં કેટલા સ્તર ઉપરના હોવા જોઇએ?

(A) એક

(B) બે

(C) ત્રણ

(D) નિયમમાં આવી કોઇ જોગવાઇ નથી

20. ગુજરાત રાજય સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ના નિયમ-૩-ખ ના સંબંધમાં "જાતીય સતામણી" માં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે?

(૧) શારીરિક સ્પર્શ અને તેમાં આગળ વધવું

(૨) કોઇપણ અશ્લીલ સાહિત્ય બતાવવું

(૩) ઇરાદાથી કરેલુ કોઇપણ પ્રકારનું અણછાજતું વર્તન

(૪) જાતીય સંમતિ માટે માંગણી કરવી

(૫) જાતીય ઉત્તેજનાવાળી ચેષ્ટા કરવી

(A) માત્ર (૧) (૨) (૪) અને (૫)

(B) માત્ર (૧) (૩) (૪) અને (૫)

(C) (૧) થી (૫) બધા

(D) માત્ર (૧) (૪) અને (૫)

21. ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ હેઠળ ખાતાકીય તપાસમાં સરકારી કર્મચારી, આક્ષેપપત્રકમાં દર્શાવેલ સાક્ષીઓના નિવેદનો મેળવવા મૌખિક રજુઆત કરે તો, આવી નકલો તપાસ અધિકારીએ, કોઇપણ સંજોગોમાં શિસ્ત અધિકારી તરફના સાક્ષીઓની તપાસની શરુઆત પહેલાંના ............ દિવસ કરતાં મોડા નહીં તે રીતે આપવાની હોય છે.

(A) ૭

(B) ૫

(C) ૩

(D) ૧૦

22. કોના અધ્યક્ષપદે રચવામાં આવેલ સમિતિની ભલામણના આધારે ગુજરાત સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓના ખાનગી અહેવાલને બદલે કામગીરી મૂલ્યાંકન અહેવાલ દાખલ કરેલ છે?

(A) શ્રી વી.આર.એચ.કૌલગી

(B) શ્રી એ.કે.જોતિ

(C) શ્રી મુકેશકુમાર

(D) શ્રી અરવિંદ અગ્રવાલ

23. માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ નીચેનામાંથી કયા સંગઠનનો સમાવેશ થાય છે?

(A) એવિએસન રિસર્ચ સેન્ટર

(B) રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ

(C) આસામ રાઇફલ્સ

(D) ઉપરના ત્રણેયનો સમાવેશ થતો નથી

24. ગુજરાત પંચાયત સેવામાં સતત છ માસથી વધુ સમયથી નોકરીમાં હોય તેવી વ્યક્તિને નીચેનામાંથી પંચાયત સેવા હેઠળની કઇ ભરતીમાં ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર નથી?

(A) સેવાની જગા ઉપરની ભરતી સીધી પસંદગીથી થતી હોય અને અનુભવ એવી જગા માટેની એક લાયકાત તરીકે ઠરાવવામાં આવ્યો હોય

(B) સેવાની જગા ઉપરની ભરતી સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા થતી હોય

(C) સેવાની જગા ઉપરની ભરતી સીધી પસંદગીથી થતી હોય અને અનુભવ એવી જગા માટેની એક લાયકાત તરીકે ઠરાવવામાં ન આવ્યો હોય

(D) વિકલ્પ (B) અને (C) બન્ને

25. કોઇ કેસની ઇન્સાફી કાર્યવાહી કરવામાં આવતી હોય ત્યારે, ખાસ ન્યાયાધીશ, ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ કલમ-૩માં નિર્દિષ્ટ કરેલ કોઇ ગુના સિવાયના, એવા કોઇ ગુના કે જેમાં ....................... હેઠળ તેવા જ પ્રકારની ઇન્સાફી કાર્યવાહીમાં આરોપી ઉપર તહોમત મૂકી શકાય એમ હોય, તેવી ઇન્સાફી કાર્યવાહી પણ કરી શકશે.

(A) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩

(B) દિવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮

(C) ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦

(D) ઉપરના ત્રણેય

26. કોઇ કેસમા, બે અથવા વધુ પંચાયત સેવાના કર્મચારીઓ સંડોવાયેલા હોય ત્યાં, સંયુકત કાર્યવાહીમાં શિસ્તભંગના પગલા લેવાનું સૂચવતો હુકમ કોણ કરી શકશે?

(A) જીલ્લા કલેકટર

(B) આવા પંચાયતના કર્મચારીઓને નોકરીમાંથી બરતરફ કરવાની શિક્ષા કરવાની જુદા જુદા અધિકારીઓ ધરાવતા હોય, તો આવા અધિકારીઓમાંથી સૌથી ઉચ્ચ પાયરીના અધિકારી બીજા અધિકારીઓની સંમતિથી હુકમ કરી શકશે

(C) ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ના અધ્યક્ષ

(D) સરકારના પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગના સચિવ

27. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ની કઇ કલમમાં જે કોઇ વ્યક્તિ વારંવાર ગુનો કરે, તો તેને સજા કરવાની જોગવાઇ આપેલ છે?

(A) કલમ – ૮

(B) કલમ – ૯

(C) કલમ – ૧૪

(D) કલમ – ૧૨

28. પંચાયતનો કોઇ કર્મચારી, તેની ફરજો શુદ્ધબુધ્ધિથી અદા કરે છે તે દરમ્યાન કલાવિષયક પુસ્તક ગુજરાત પંચાયત સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૯૮ના કયા નિયમની જોગવાઇ હેઠળ પ્રકાશિત કરી શકે છે?

(A) નિયમ-૮

(B) નિયમ-૭

(C) નિયમ-૧૦

(D) નિયમ-૧૨

29. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૪ હેઠળ જાહેર સત્તામંડળના મુકરર અધિકારી અને તેના તાબાના જાહેર સેવકે નાગરિકોની સુગમતા માટે નોટીસ બોર્ડ ઉપર ..........................ના નિયત નમૂનામાં કચેરીમાં ઉપલબ્ધ જાહેર કરેલી સેવાઓ સંબંધિત માહિતી દર્શાવતું બોર્ડ મૂકવાનું રહેશે.

(A) નમૂના-ખ

(B) નમૂના-ક

(C) નમૂના-ગ

(D) નમૂના-ઘ

30. કોઇપણ સરકારી કર્મચારી કયા પ્રકારના મંડળના સભ્ય બની શકતા નથી?

(૧) ભારતના સાર્વભૌમત્વ અને એકતાના હિતને અસરકર્તા મંડળના

(૨) જાહેર વ્યવસ્થાના હિતને અસરકર્તા મંડળના

(3) નીતિમત્તાને હાનિકર્તા ઉદ્દેશો અને પ્રવૃત્તિઓ ધરાવતા મંડળના

(A) માત્ર (૧)

(B) માત્ર (૨)

(C) માત્ર (૧) અને (૨)

(D) (૧) (૨) અને (3)

31. સરકારી કર્મચારીની રજુઆત વિચારણામાં લીધા પછી, પગારનો ઇજાફો અટકાવવા ધાર્યું હોય તો, આવી રીતે ઇજાફો અટકાવવાથી નીચેની કઇ શિક્ષા કરતાં પહેલા મોટી શિક્ષા કરવા માટેની પધ્ધતિ અનુસરવી જોઇએ ?

(૧) સરકારી કર્મચારીને ચૂકવવાપાત્ર પેન્શનની રકમને વિપરીત અસર થવાનો સંભવ હોય

(૨) ત્રણ વર્ષ કરતાં વધારે મુદત માટે પગારના ઇજાફા અટકાવવા ધાર્યું હોય

(3) કોઇ મુદત માટે ઉત્તરોતર વધતી અસર સાથે પગારના ઇજાફા અટકાવવા ધાર્યું હોય

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર (૧)

(B) માત્ર (૨)

(C) માત્ર (૧) અથવા (૨)

(D) માત્ર (૧) અથવા (૨) અથવા (3)

32. ગુજરાત સરકારના વર્ગ-3ના કર્મચારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ સંદર્ભમાં કર્મચારીઓની અપીલ અરજીના નિકાલ માટેની સમિતિએ દર વર્ષે કયા સમયગાળામાં અરજીઓની કામગીરી પૂરી કરવાની રહેશે?

(A) તા.૧૫ ડીસેમ્બરથી ૩૧મી જાન્યુઆરી

(B) તા.૧૫ નવેમ્બરથી ૩૧મી ડીસેમ્બર

(C) તા.૧ જાન્યુઆરીથી ૧૫મી ફેબ્રુઆરી

(D) તા.૧ નવેમ્બરથી ૧૫મી ડીસેમ્બર

33. રાજય જાહેર માહિતી અધિકારી માહિતી પુરી પાડવાની કોઇ વિનંતીથી રાજય સિવાયની કોઇ વ્યક્તિ પાસે રહેલ કોપીરાઇટનો ભંગ થાય તેમ હોય ત્યારે, માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની કઇ કલમ હેઠળ, માહિતી પૂરી પાડવા માટેની એવી વિનંતીનો અસ્વીકાર કરી શકશે?

(A) કલમ-૮

(B) કલમ-૧૦

(C) કલમ-૯

(D) કલમ-૨૪

34. કોઇ જગા ઉપર નિમણૂક કરવા માટેની અરજીઓ મંગાવતી જાહેરાતમાં વયમર્યાદાની ગણતરી બાબતે જોગવાઇ દર્શાવેલ ન હોય તો, જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી કેટલા દિવસની મુદત પુરી થાય તે મહિનાની તરત પછીના મહિનાની પહેલી તારીખને અનુલક્ષીને વયમર્યાદાની ગણતરી કરવાની હોય છે?

(A) ૬૦

(B) ૯૦

(C) ૪૫

(D) ૩૦

35. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ના સંબંધમાં નીચેનામાંથી કયું/ કયાં વિધાન/ વિધાનો સાચું/ સાચાં છે?

(૧)

ભ્રષ્ટાચાર નિવારણને લગતો કાયદો એકત્રિત કરવા અને સુધારવા તેમજ તેની સાથે સંકળાયેલ બાબતોનો અધિનિયમ છે.

(૨) તે ભારત બહારના ભારતના સર્વ નાગરિકોને લાગુ પડે છે.

(3) તે સન ૧૯૮૮નો અધિનિયમ ક્રમાંકઃ૪૯ છે.

(A) માત્ર (૧)

(B) માત્ર (૧) અને (૨)

(C) (૧) (૨) અને (3)

(D) માત્ર (૧) અને (3)

36. પંચાયત સેવાના કર્મચારી દ્વારા શિક્ષાત્મક હુકમ સાથે કરવામાં આવેલ અપીલને વિચારણામાં લીધા બાદ, અપીલ અધિકારી કરવા માંગતા હોય તે વધારેલી શિક્ષા, ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૯૭ના નિયમ-૬ની બાબતો (3) થી (૬) માં દર્શાવેલ શિક્ષાઓમાંની એક શિક્ષા હોય અને એ કેસમાં નિયમ-૮ હેઠળ તપાસ થઇ ચૂકી ન હોય તો અપીલ અધિકારી કયા નિયમની જોગવાઇઓને આધીન રહીને જાતે તપાસ કરી શકે છે?

(A) નિયમ-૯

(B) નિયમ-૧૧

(C) નિયમ-૧૦

(D) નિયમ-૧૨

37. રાજય સેવકે નીચેનામાંથી કયું કૃત્ય કર્યુ હોય તો, તે ગુનાહિત ગેરવર્તનનો ગુનો કર્યાનું કહેવાય?

(A) કાયદેસરના મહેનતાણા સિવાયનું કોઇ તોષણ વારંવાર સ્વીકારે અથવા મેળવે

(B) રાજય સેવક તરીકે પોતાના નિયંત્રણ હેઠળની કોઇ મિલ્કતનો અપ્રમાણિક રીતે દુર્વિનિયોગ કરે

(C) રાજય સેવક પોતાના હોદ્દાનો દુરપયોગ કરીને, પોતાના માટે કોઇ કિંમતી વસ્તુ અથવા નાણાકીય લાભ મેળવે

(D) ઉપરના ત્રણેય

38. કોઇપણ પંચાયત કર્મચારીએ પોતાની સરકારી ફરજો બજાવવામાં લેખિતમાં આદેશ મેળવવા જોઇએ અને લેખિતમાં આદેશ મેળવવાનું વ્યવહાર્ય ન હોય ત્યાં, તેણે ત્યારપછી શકય હોય તેટલુ જલ્દી આદેશની લેખિત બહાલી મેળવવાની જોગવાઇ ગુજરાત પંચાયત સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૯૮ના કયા નિયમમાં છે?

(A) ૪

(B) ૩(૨)

(C) ૩(૩)

(D) ૫

39. રાજય અપીલ સત્તામંડળના સભ્યની મુદત .......................વર્ષ અથવા ................... વર્ષની વય થાય, તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી રહેશે.

(A) ૫, ૬૨

(B) ૫, ૬૫

(C) ૩, ૬૨

(D) ૩, ૬૫

40. કોઇ સરકારી કર્મચારી સામે માસિક મળતરની કેટલા ગણી રકમની વસુલાત માટે કોઇપણ દિવાની કાર્યવાહી દાખલ કરવામાં આવી હોય તો તેનો લેખિત અહેવાલ સરકારને અથવા ખાતાના વડાને સરકારી કર્મચારીએ કરવાનો હોય છે?

(A) ૧૦

(B) ૫

(C) ૨૦

(D) ૧૫

41. વર્ગ-૨ ના અધિકારીઓ હોય એવા કચેરીના વડા ભવિષ્યના ઇજાફાને અસર ન થાય તે રીતે કેટલા સમય સુધી પગારના ઇજાફા અટકાવવાની શિક્ષા કરી શકે છે?

(A) ત્રણ મહિના

(B) છ મહિના

(C) એક વર્ષ

(D) બે વર્ષ

42. ગુજરાત સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન માટે અહેવાલ સંદર્ભે થયેલ અપીલ અરજીના નિકાલ માટે રેફરલ બોર્ડની જે રચના થયેલ છે, તેમાં અધ્યક્ષ ઉપરાંત કેટલા સભ્યો હોય છે?

(A) ૨

(B) ૩

(C) ૪

(D) ૫

43. માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ જાહેર માહિતી અધિકારીએ અરજદારને કયારે વિનામૂલ્યે માહિતી પૂરી પાડવાની હોય છે?

(A) ગરીબીરેખા હેઠળ જીવતા અરજદારને

(B) અરજી મળ્યાની તારીખથી ૩૦ દિવસમાં માહિતી પૂરી પાડેલ ન હોય તો

(C) અરજી મળ્યાની તારીખથી ૪૫ દિવસમાં માહિતી પૂરી પાડેલ ન હોય તો

(D) (A) અને (B) બન્ને

44. પંચાયત સેવામાંની કોઇ જગા ઉપર બઢતીથી નિમણૂક કરતી વેળા, નિમણૂક અધિકારી નીચેનામાંથી કયા કારણની નોંધ કરીને કર્મચારીને બઢતીથી નિમણૂક આપશે નહીં?

(A) તે જગા ઉપરની ફરજો તથા જવાબદારીઓ અદા કરવા માટે દેખીતી રીતે જ યોગ્ય ન હોય

(B) જેની નિમણૂક કરવાની તે જગા માટે નિયત કરેલા કામની કાર્યક્ષમતાને વિપરીત અસર થવાનો સંભવ હોય

(C) વિકલ્પ (A) અને (B) માં દર્શાવેલ બન્ને કારણો

(D) વિકલ્પ (A) અને (B) માં દર્શાવેલ બન્નેમાંથી એકેય કારણ નહીં

45. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮માં નિર્દિષ્ટ કરેલ ગુનાની ઇન્સાફી કાર્યવાહી નીચેનામાંથી કયા વિસ્તારના ખાસ ન્યાયાધીશ દ્વારા કરવાની હોય છે?

(A) ગુનેગાર જે વિસ્તારમાં રહેતો હોય તે વિસ્તારના ખાસ ન્યાયાધીશ

(B) જે વિસ્તારમાં તે ગુનો કરવામાં આવ્યો હોય તે વિસ્તાર માટેના ખાસ ન્યાયાધીશ

(C) ફરિયાદી જે વિસ્તારમાં રહેતો હોય તે વિસ્તાર માટેના ખાસ ન્યાયાધીશ

(D) રાજયની વડી અદાલત દ્વારા નિયત કરવામાં આવે તે ખાસ ન્યાયાધીશ

46. પંચાયત સેવાના કર્મચારી તેને કરાયેલ શિક્ષાત્મક હુકમ સામે અપીલ કરે ત્યારે તેમાં કઇ બાબતો હોવી જોઇએ?

(૧) અપીલ સ્વતંત્ર રીતે પોતાના નામે કરવી જોઇએ

(૨) અપીલ સક્ષમ સત્તાધિકારીને સંબોધીને હોવી જોઇએ

(૩) અપીલ જેના પર આધારિત હોય તેની વસ્તુનિષ્ઠ બાબતો અને દલીલો ધરાવતી હોવી જોઇએ

(૪) અપીલ સાથે શિક્ષાત્મક હુકમ બિડેલ હોવો જોઇએ

(૫) અપીલ સૌજન્યશીલ ભાષામાં કરેલ હોવી જોઇએ

(A) માત્ર (૧) (૨) અને (૩)

(B) માત્ર (૧) (૨) અને (૫)

(C) માત્ર (૧) (૨) (૩) અને (૪)

(D) (૧) (૨) (૩) (૪) અને (૫)

47. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ની જોગવાઇઓને અધીન રહીને, નીચેનામાંથી કોને સમયબધ્ધ સેવાઓ મેળવવાનો અને તે અંગેની ફરિયાદના નિવારણનો અધિકારી રહેશે?

(A) ભારતમાં નિવાસ કરતી દરેક વ્યક્તિને

(B) દરેક વ્યક્તિગત નાગરીકને

(C) વિદેશી નાગરિકને

(D) બિન-સરકારી સંગઠનોને

48. પંચાયતના કર્મચારીએ ફાળો ઉઘરાવવાની જોગવાઇ ગુજરાત પંચાયત સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૯૮ના કયા નિયમમાં થયેલ છે?

(A) ૫

(B) ૯

(C) ૧૦ (D) ૧૨

49. ફરિયાદ નિવારણ અધિકારી દ્વારા જો સમયમર્યાદામાં અપીલનો નિકાલ ન થાય અથવા ફરિયાદ નિવારણ અધિકારીના હુકમ સામે અસંતોષ હોય તો, અરજદાર નાગરિક હુકમની નકલ મળ્યાની તારીખથી ............. દિવસની મર્યાદામાં મુકરર સત્તાધિકારી સમક્ષ નિયત નમૂના મુજબની પ્રથમ અપીલ કરી શકશે.

(A) ૪૫

(B) ૬૦

(C) 30

(D) ૧૫

50. સરકારી આશ્રય ભોગવતી કંપની અથવા પેઢીમાં સરકારી કર્મચારીના નજીકના સગાને નોકરીમાં રાખવા બાબતની જોગવાઇ ગુજરાત રાજય સેવા (વર્તણુક) નિયમો, ૧૯૭૧ના નિયમોના કયા નિયમમાં કરવામાં આવી છે?

(A) નિયમ-૫

(B) નિયમ-૪

(C) નિયમ-૬

(D) નિયમ-૮

51. જો ખાતાકીય તપાસમાં રજુઆત અધિકારી, કર્મચારીને આપવામાં આવેલ યાદીમાં સમાવવામાં ન આવેલ પુરાવા રજુ કરે તો, ખાતાકીય તપાસ નવો પુરાવો રજૂ થાય તે પહેલાં જે દિવસે તપાસ મોકૂફ રખાઇ હોય તે દિવસ અને જે દિવસ પર તે મોકૂફ રાખી હોય તે દિવસ છોડીને કેટલા ચોખ્ખા દિવસ માટે તપાસ મોકૂફ રાખી શકાય છે?

(A) 3

(B) ૫

(C) ૭

(D) ૧૦

52. વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલની કામગીરી સાથી સોફટવેર અંતર્ગત અમુક સંવર્ગના અધિકારીઓ માટે પ્રથમ તબક્કે કયા વર્ષથી ઓનલાઇન હાથ ધરવામાં આવેલ હતી.

(A) વર્ષ ૨૦૧૪-૧૫

(B) વર્ષ ૨૦૧૩-૧૪

(C) વર્ષ ૨૦૧૫-૧૬

(D) વર્ષ ૨૦૧૨-૧૩

53. રાજય માહિતી પંચનું મુખ્ય કાર્યાલય કોણ નિર્દિષ્ટ કરે તે સ્થળે રહેશે?

(A) રાજયપાલ

(B) રાજય સરકાર

(C) વડી અદાલત

(D) મુખ્ય માહિતી આયુક્ત

54. પંચાયત સેવામાંની કેડરમાંથી રાજય સેવા (વર્ગ-૨) સેવામાંની કેડરમાં બઢતી આપવા માટે પંચાયત સેવામાંની કેડરમાં ઓછામાં ઓછો કેટલો અનુભવ હોવો જોઇએ?

(A) ત્રણ વર્ષનો

(B) બે વર્ષનો

(C) પાંચ વર્ષનો

(D) સાત વર્ષનો

55. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ની કલમ-૩ હેઠળ કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર નીચેના પૈકી કયા ગુનાની ઇન્સાફી કાર્યવાહી માટે ગમે તેટલા ન્યાયાધીશોની નિમણૂક કરી શકે છે?

(A) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ હેઠળનો શિક્ષાપાત્ર કોઇ ગુનો

(B)
ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮માં નિર્દિષ્ટ કરેલા ગુના પૈકી કોઇ ગુનો કરવાનું કે ગુનો કરવાની કોશીશ કરવાનું અથવા તેમાં દુષ્પ્રેરણ કરવા માટેનું કોઇપણ કાવતરું

(C) (A) તથા (B) બન્ને

(D) (A) તથા (B) બન્નેમાંથી એકેય નહીં

56. ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૯૭ હેઠળ શિસ્ત અધિકારી દ્વારા મુખ્ય શિક્ષા કરવાના હુકમની જાણ પંચાયતના કર્મચારીને કયા નિયમ હેઠળ કરવામાં આવે છે?

(A) નિયમ-૯

(B) નિયમ-૮

(C) નિયમ-૧૦

(D) નિયમ-૧૧

57. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ના સંબંધમાં નીચેના પૈકી કયું વિધાન ખોટું છે?

(૧)
"મુકરર અધિકારી" એટલે સેવાઓ પૂરી પાડવા માટે કલમ-૪ હેઠળ જેનુ નામ પ્રસિધ્ધ કરવામાં આવ્યુ હોય તેવા અધિકારી

(૨)
રાજય સરકાર અને કોઇ ખાનગી એકમ વચ્ચેની સમજૂતીપત્રથી સ્થપાયેલ સંસ્થાનો સમાવેશ "જાહેર સત્તામંડળ" માં થાય છે

(A) (૧) અને (૨)
(B) માત્ર (૨)
(C) માત્ર (૧)
(D) બન્ને વિધાનો સાચાં છે

58. કોની પૂર્વ મંજૂરી વિના કોઇપણ પંચાયત કર્મચારીથી કોઇ સામયિક પ્રકાશનની સુવાંગ કે ભાગીદારીમાં માલિકી ધરાવી શકાશે નહીં

(A) સરકારની
(B) કલેકટરની
(C) પંચાયત સત્તામંડળની
(D) વિકાસ કમિશનરની

59. ફરિયાદ નિવારણ અધિકારી દ્વારા સુનાવણીની તારીખની જાણ ઓછામાં ઓછા કેટલા દિવસ અગાઉ ફરિયાદી / મુકરર અધિકારીને કરવાની રહેશે?

(A) પાંચ

(B) સાત

(C) દસ

(D) પંદર

60. કોઇપણ સરકારી કર્મચારીથી કઇ સરકારની નીતિ અથવા પગલાની ટીકા થઇ શકતી નથી?

(A) કેન્દ્ર સરકાર
(B) રાજય સરકાર

(C) (A) તથા (B) બન્ને (D) ઉપર પૈકી એકપણ નહીં

61. ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ હેઠળ, તપાસ અધિકારીનો અહેવાલ શિસ્ત અધિકારીને મળ્યા બાદ આક્ષેપિતને નાની શિક્ષા કરવાનો નિર્ણય લેવાય તો –

(૧) શિક્ષાનો આખરી હુકમ અહેવાલ મળ્યાની તારીખથી ત્રણ માસ સુધીમાં કરવાનો હોય છે

(૨) શિક્ષાના આખરી હુકમ બાબતે નિયમોમાં કોઇ જોગવાઇ નથી

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) વિધાન (૧) સાચું અને (૨) ખોટું છે

(B) વિધાન (૧) ખોટું છે અને (૨) સાચું છે

(C) બન્ને વિધાનો સાચાં છે

(D) બન્ને વિધાનો ખોટાં છે

62. નીચેના વિધાનો વિચારણામાં લો –

(૧) ફરજમોકૂફી હેઠળ મુકાયેલા અધિકારી તેમના નિયંત્રણ હેઠળ કામ કરી ચૂકેલા અધિકારીના વાર્ષિક કામગીરી અહેવાલ લખી શકશે નહીં

(૨) વાર્ષિક કામગીરી અહેવાલ લખવાના સમયગાળા દરમ્યાન સંબંધિત અધિકારી રજા પર રહેલ હોય અથવા લખનાર અધિકારી રજા પર રહેલ હોય અને તેઓની ભોગવેલ રજાનો સમયગાળો બાદ કરતાં કુલ સમયગાળો ત્રણ માસ કરતા ઓછો થતો હોય તો તેવા સમયગાળા માટે સંબંધિત અધિકારીના અહેવાલ લખવાના રહેશે નહીં

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) વિધાન (૧) સાચું અને (૨) ખોટુ છે

(B) વિધાન (૧) ખોટુ અને (૨) સાચું છે

(C) બન્ને વિધાનો ખોટા છે

(D) બન્ને વિધાનો સાચાં છે

63. માહિતી અધિકાર અધિનિયમ અન્વયે અધિનિયમના કેટલા દિવસની અંદર જાહેર સત્તામંડળોએ જાહેર માહિતી અધિકારીઓ મુકરર કરવાના રહેશે?

(A) ૧૦૦

(B) ૧૨૦

(C) ૯૦

(D) ૧૮૦

64. પંચાયત સેવાની ઉપલા વર્ગની સેવા અથવા જગા પર સીધી પસંદગીથી નિમાયેલ ઉમેદવાર માટે અજમાયશી સમયની મુદત કેટલી હોય છે?

(A) બે વર્ષની

(B) છ મહિનાની

(C) એક વર્ષની

(D) અજમાયશી મુદત નિયત થયેલ નથી

65. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ હેઠળ, ખાસ ન્યાયાધીશ તરીકે નિમણૂક માટે નીચેનામાંથી કોણ લાયક ગણવામાં આવે છે?

(A) સેશન્સ ન્યાયાધીશ

(B) અધિક સેશન્સ ન્યાયાધીશ

(C) મદદનીશ સેશન્સ ન્યાયાધીશ

(D) (A) અથવા (B) અથવા (C)

66. પંચાયત સેવાના કર્મચારી દ્વારા ફરજ મોકુફીના હુકમ સામે અપીલ કરે તો, તે અંગેનો નિર્ણય કોણ લે છે?

(A) ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

(B) વિકાસ કમિશનર

(C) રાજ્ય સરકાર

(D) અપેલેટ સત્તાધિકારી

67. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ના અન્વયે ફરિયાદ નિવારણ અધિકારીઓ કેટલી સંખ્યામાં નીમી શકાય?

(A) એક

(B) બે

(C) ત્રણ

(D) જરૂરી હોય તેટલા

68. પંચાયત સેવાના કર્મચારીઓ સંબંધમાં કુટુંબની વ્યક્તિઓ ની વ્યાખ્યા ગુજરાત પંચાયત સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૯૮ના કયા નિયમમાં છે?

(A) નિયમ-૨(ઘ)

(B) નિયમ-૨(ખ)

(C) નિયમ-૨(ચ)

(D) ઉપર (A) અને (B) બન્ને

69. માહિતીના અધિકાર બાબતના અધિનિયમ, ૨૦૦૫ના ઉદ્દેશો –

(૧) સરકારે બધી જ વ્યક્તિઓ / સંસ્થાઓને માહિતી આપવી

(૨) સત્તામંડળોના નિયંત્રણ હેઠળની માહિતી નાગરિકોને માટે ઉપલબ્ધ બને તે માટે માહિતીના અધિકારના વ્યવહારુતંત્રની રચના કરવી

(૩) સરકારી કામકાજને સરળ બનાવવું

(૪) જાહેર સત્તામંડળના કામકાજમાં પારદર્શકતા અને જવાબદારીમાં ઉત્તેજન આપવું

(A) (૨) અને (૪)

(B) માત્ર (૧) અને (૪)

(C) માત્ર (૧) અને (૩)

(D) માત્ર (૨) અને (૩)

70. નીચેના વિધાનો વિચારણામાં લો-

(૧) ભારતમાં કાયદાથી સ્થપાયેલી સરકાર માટે વિદ્રોહકારી પ્રવૃત્તિમાં પોતાના કોઇપણ કુટુંબીજનોને ભાગ લેતાં રોકવાની કોશિશ કરવી એ દરેક કર્મચારીની ફરજ છે

(૨) સરકારી કર્મચારી તેને સોંપાયેલી ચૂંટણી સંચાલનની ફરજ બજાવી શકશે. જે ગેરવર્તણૂક ગણાશે નહીં

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) બન્ને વિધાનો સાચાં છે

(B) બન્ને વિધાનો ખોટાં છે

(C) વિધાન (૧) સાચું અને (૨) ખોટું છે

(D) વિધાન (૧) ખોટુ અને (૨) સાચું છે

71. ખાતાકીય તપાસમાં સરકારી કર્મચારીએ રજૂ કરેલા સાક્ષીઓની –

(૧) ઉલટતપાસ કરી શકાશે

(૨) ફેરતપાસ કરી શકાશે

(3) તપાસ કરી શકાશે

ઉપર પૈકી કયું /ક્યાં વિધાન/ વિધાનો સાચું/ સાચાં છે?

(A) માત્ર (3)

(B) માત્ર (૨) અને (3)

(C) માત્ર (૧) અને (3)

(D) (૧) (૨) અને (3)

72. સંબંધિત અધિકારીના વાર્ષિક કામગીરી મૂલ્યાંકનમાં અહેવાલ લખનાર અધિકારી સંબંધિત અધિકારીને ૬૦થી ઓછા ગુણ આપે તો મૂલ્યાંકન અહેવાલના ભાગ-3ના કયા ક્રમના કોલમમાં સંબંધિત અધિકારીની નિષ્ફળતાનાં ચોકકસ કારણો જણાવવા જરૂરી છે?

(A) ક્રમઃ ૭ (B) ક્રમઃ ૮

(C) ક્રમઃ ૯ (D) ક્રમઃ ૬

73. રાજય માહિતી પંચ કોઇપણ બાબતની તપાસ વખતે –

(૧) વ્યક્તિઓને બોલાવવા અને હાજર રહેવા માટે ફરજ પાડી શકશે.

(૨) સોગંદ પર કોઇપણ વ્યક્તિને લેખિત પુરાવા આપવા ફરજ પાડી શકશે નહીં

(3) સોગંદ પર કોઇપણ વ્યક્તિને દીવાની ન્યાયાલયની જેમ લેખિત પુરાવા આપવા ફરજ પાડી શકશે.

- ઉપરમાંથી કયા વિધાનો સાચાં છે?

(A) માત્ર (૧)

(B) માત્ર (૧) અને (૨)

(C) માત્ર (૨)

(D) માત્ર (૧) અને (3)

74. પંચાયત સેવામાંની જુદી જુદી કેડરો, જગાઓ અને નોકરીઓમાં નિમણૂક કેટલી રીતે કરવાની ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮ના નિયમોમાં કરવામાં આવેલ છે?

(A) ત્રણ

(B) ચાર

(C) પાંચ

(D) બે

75. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ હેઠળ ખાસ ન્યાયાધીશ સમક્ષ ફોજદારી કાર્યવાહીનું સંચાલન કરનાર વ્યક્તિ ....................... ગણાશે.

(A) પબ્લિક પ્રોસીકયુટર

(B) ખાસ પ્રોસીકયુટર

(C) મદદનીશ પબ્લિક પ્રોસીકયુટર

(D) મદદનીશ સરકારી વકીલ

76. પંચાયત સેવાના કર્મચારીને શિક્ષાત્મક હુકમ મળ્યા બાદ તેના સંબંધમાં અપીલ અધિકારીને કેટલા દિવસ સુધીમાં અપીલ કરી શકે છે?

(A) ૪૫ | (B) 30
(C) ૬૦ | (D) ૯૦

77. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ, ફરિયાદ કરવામાં આવે તે તારીખથી કામકાજના કેટલા દિવસની અંદર ફરિયાદની પહોંચ આપીને તેની સ્વીકૃતિની જાણ કરવી જોઇશે?

(A) ત્રણ

(B) પાંચ

(C) સાત

(D) દસ

78. ગુજરાત પંચાયત સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૯૮ના કયા નિયમમાં દેખાવ અને હડતાલને વ્યાખ્યાયિત કરેલ છે?

(A) નિયમ-૬

(B) નિયમ-૫

(C) નિયમ-૮

(D) નિયમ-૯

79. માહિતીના અધિકાર બાબતના અધિનિયમ, ૨૦૦૫ની કઇ કલમની જોગવાઇ અધિનિયમના એકસો વીસમાં દિવસે અમલમાં આવશે?

(A) ૧૨

(B) ૧૬

(C) ૨૪

(D) ૨૫

80. અનઅધિકૃત રીતે માહિતી પૂરી પાડવામાં શાનો સમાવેશ થાય છે?

(A) સરકારી કર્મચારીને આવી માહિતી પૂરી પાડવાનો અધિકાર ન હોય

(B) સરકારી કર્મચારી આવી માહિતી અંગત કલમમાં રાખવા અધિકૃત ન હોય

(C) (A) તથા (B) બન્ને

(D) ઉપર પૈકી એકપણ નહીં

81. મોટી શિક્ષાઓમાંથી કોઇપણ શિક્ષા કરવાની ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ના નિયમો હેઠળ સત્તા ન ધરાવતા અધિકારી આવી શિક્ષા કરવા માટે કોઇપણ સરકારી કર્મચારી સામે શિસ્તભંગની કાર્યવાહી કરી શકાશે?

(A) ના

(B) હા, ઉપલા અધિકારીના માર્ગદર્શન હેઠળ

(C) હા

(D) ઉપર પૈકી એક પણ નહીં

82. અહેવાલ લખનાર અધિકારી દ્વારા સંબંધિત અધિકારનું મૂલ્યાંકન કરતી વખતે, સંબંધિત અધિકારીએ તાબા હેઠળના કર્મચારીઓના અહેવાલનું મૂલ્યાંકન કરવાની કામગીરી કેટલા ટકા કે તેથી વધુ પૂર્ણ કરવામાં આવી હોય તો ૨ ગુણ આપવાના હોય છે?

(A) ૮૦%

(B) ૮૫%

(C) ૭૫%

(D) ૭૦%

83. રાજય માહિતી પંચ જાહેર માહિતી અધિકારીની વિરુદ્ધ શિસ્તભંગના પગલા લેવા કયારે ભલામણ કરી શકશે?

(૧) જાહેર માહિતી અધિકારીએ કોઇ વાજબી કારણ વિના અને દુરાગ્રહપૂર્વક માહિતી માટેની અરજી સ્વાકારી નથી

(૨) નિર્દિષ્ટ કરેલ સમયની અંદર માહિતી પૂરી પાડી નથી

(3) માહિતી માટેની વિનંતી બાદ ઇરાદાપૂર્વક ના પાડી છે

(૪) જાણીબુઝીને ખોટી, અધુરી અને ગેરમાર્ગે દોરનારી માહિતી આપી છે

(A) માત્ર (૧) અને (૨)

(B) માત્ર (૧) (૨) અને (3)

(C) (૧) (૨) (3) અને (૪)

(D) માત્ર (૧) (3) અને (૪)

84. પંચાયત સેવામાંની જુદી જુદી કેડરો, જગાઓ અને નોકરીઓમાંની નિમણૂક સરકાર વખતોવખત જાહેર કરે તે રીતે કોના દ્વારા કરવામાં આવશે?

(A) ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા

(B) પંસંદગી સમિતિ મારફત

(C) નિમણૂક સત્તાધિકારી દ્વારા

(D) ઉપરના (A) અથવા (B) અથવા (C) દ્વારા

85. ખાસ ન્યાયાધીશ, કોઇ ગુનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલ હોવાનું મનાતી કોઇ વ્યક્તિનો પુરાવો મેળવવા માટે એ ગુનાને લગતા પોતાની જાણમાં હોય તેવા સમગ્ર સંજોગો સંપૂર્ણ અને સાચાં પ્રગટ કરવાની શરતે એવી વ્યક્તિને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ની કઇ કલમની જોગવાઇ હેઠળ માફી આપી શકે છે?

(A) કલમ - ૪

(B) કલમ - ૬

(C) કલમ – ૫

(D) કલમ – ૭

86. ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૯૭ના કયા નિયમમાં 'નિમણૂક અધિકારી' ની વ્યાખ્યા આપવામાં આવી છે?

(A) નિયમ-૧(૩) (B) નિયમ-૨(c)

(C) નિયમ-૨(b) (D) નિયમ-૨(d)

87. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ રાજય અપીલ સત્તામંડળ, અરજદાર જેના માટે હક્કદાર હોય એવી સેવા બજાવવા માટે જવાબદાર મુકરર અધિકારીને ઓછામાં ઓછી કેટલી રકમનો દંડ કરી શકે છે?

(A) રૂ. ૫૦૦/- (B) રૂ.૧૦૦૦/-

(C) રૂ.૨૫૦૦/- (D) રૂ.૨૦૦૦/-

88. ગુજરાત સરકારના વર્ગ-૩ના કર્મચારીઓના વાર્ષિક મૂલ્યાંકન માટે ખાનગી અહેવાલના બદલે કામગીરી મૂલ્યાંકન અહેવાલ લખવાની સૂચનાઓ સામાન્ય વહીવટ વિભાગના કઇ તારીખના ઠરાવથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે?

(A) તા.૧૦-૪-૨૦૧૫

(B) તા.૧-૪-૨૦૧૫

(C) તા.૧૭-૪-૨૦૧૫

(D) તા.૧૫-૪-૨૦૧૫

89. માહિતીના અધિકાર બાબતના અધિનિયમ, ૨૦૦૫ હેઠળ "ત્રાહિત પક્ષકાર" એટલે –

(A) માહિતી માટે વિનંતી કરનાર નાગરિક સિવાયની કોઇ વ્યક્તિ

(B) જાહેર સત્તામંડળ

(C) (A) તથા (B) બન્ને

(D) ઉપર (A) તથા (B) પૈકી એકપણ નહીં

90. કોઇપણ સરકારી કર્મચારી કોઇ અદાલતી તપાસમાં પુરાવો આપી શકે છે તેવી જોગવાઇ ગુજરાત રાજય સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ના નિયમ ...................... માં કરવામાં આવી છે.

(A) ૧૧(૧)

(B) ૧૧(૩)(ખ)

(C) ૧૧(૩)(ક)

(D) ૧૧(૨)(ગ)

91. નાની શિક્ષાઓમાં નીચેનામાંથી શાનો સમાવેશ થતો નથી?

(A) ચેતવણી

(B) ઇજાફો અટકાવવો

(C) બઢતી અટકાવવી

(D) બદલી

92. "જંગમ મિલ્કત" એ શબ્દપ્રયોગમાં નીચેનામાંથી શાનો સમાવેશ થતો નથી?

(A) ઝવેરાત

(B) જામીનગીરીઓ

(C) વર્ગ-૩ની જગા ધરાવતા કર્મચારીના કિસ્સામાં વીમાની પોલીસીનું વાર્ષિક પ્રિમિયમ રૂપિયા ૮૦૦૦/-

(D) ડિબેન્ચર

93. માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની જોગવાઇઓનું પાલન કરવા રાજય સરકાર નિયમો ઘડી શકે છે, જેમાં નીચેની કઇ બાબતો અંગેની જોગવાઇ થઇ શકે?

(૧) કલમ-૪(૪) હેઠળ વિતરણ કરવાની સામગ્રીના માધ્યમનું ખર્ચ અથવા મુદ્રણ ખર્ચ

(૨) કલમ-૬(૧) હેઠળ ચૂકવવાપાત્ર ફી

(૩) કલમ-૭(૧) અને (૫) હેઠળ ચૂકવવાપાત્ર ફી

(૪) કલમ-૧૯(૧૦) હેઠળ અપીલો અંગે નિર્ણય કરવા માટે આયુક્તે અપનાવવાની પધ્ધતિ

(A) માત્ર (૧) અને (૨)

(B) (૧) થી (૪) બધા

(C) માત્ર (૧) (૨) અને (૩)

(D) માત્ર (૧) (૨) અને (૪)

94. પંચાયત સેવામાં સમાવિષ્ટ કોઇ સેવા અથવા જગા પર અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વ્યક્તિઓમાંથી બઢતીથી નિમણૂક કરવાની હોય અને નીચલી કેડરમાં બઢતી માટે જરૂરી ઓછામાં ઓછો અનુભવ ધરાવતી લાયક વ્યક્તિઓ લાગલગાટ કેટલા પ્રયત્નો પછી પણ ન મળે તો આ જગાઓ પર સીધી પસંદગીથી અથવા તે હેતુ માટે લીધેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરીણામના આધારે નિમણૂક કરવી જોઇશે?

(A) બે

(B) ચાર

(C) ત્રણ

(D) છ

95. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ની કઇ કલમમાં દંડ ઠરાવવા માટે વિચારણામાં લેવાની બાબતોની જોગવાઇ આપેલ છે?

(A) કલમ – ૧૨

(B) કલમ – ૧૪

(C) કલમ – ૧૮

(D) કલમ – ૧૬

96. નીચેનામાંથી કઇ શિક્ષા ભવિષ્યમાં નોકરી માટે ગેરલાયક ઠરશે?

(A) ફરજિયાત નિવૃત્તિ

(B) નોકરીમાંથી બરતરફી

(C) નોકરીમાંથી રુખસદ

(D) ઉપરના ત્રણેય

97. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) નિયમો, ૨૦૧૪ હેઠળ ફરિયાદ નિવારણ અધિકારીને કરવામાં આવતી અરજી માટે કેટલી ફી નિયત થયેલ છે?

(A) રૂ.૨૦/-

(B) રૂ.૫૦/-

(C) રૂ.૧૦૦/-

(D) કોઇ ફી નિયત થયેલ નથી

98. ગુજરાત સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓના વાર્ષિક મૂલ્યાંકન માટે ખાનગી અહેવાલને બદલે કામગીરી મૂલ્યાંકન અહેવાલ (Performance Appraisal Report) કયા વર્ષથી દાખલ કરવામાં આવેલ છે?

(A) ૨૦૦૪-૦૫

(B) ૨૦૦૫-૦૬

(C) ૨૦૦૩-૦૪

(D) ૨૦૦૬-૦૭

99. જયાં માહિતી આપવાની વિનંતીનો અસ્વીકાર કરવામાં આવ્યો હોય ત્યાં, સરકારી માહિતી અધિકારીએ વિનંતી કરનારને કઇ જાણ કરવાની હોય છે?

(૧) આવા અસ્વીકાર કરવાના કારણો

(૨) આવા અસ્વીકાર સામે કેટલા સમયગાળામાં અપીલ કરી શકાય તે સમયગાળો

(૩) અપીલ અધિકારીની વિગતો

(A) માત્ર (૧)

(B) માત્ર (૧) અને (૨)

(C) માત્ર (૨) અને (૩)

(D) (૧) (૨) અને (૩)

100. દાયજાની જોગવાઇ ગુજરાત રાજય સેવા(વર્તણૂક) નિયમો, ૧૯૭૧ના નિયમ ....................માં કરવામાં આવી છે

(A) ૧૩ (B) ૧૨

(C) ૧૩-ક (D) ૧૪

પ્રશ્નપુસ્તિકા શ્રેણી

# M

# HH03

**This Question Booklet Contains 24 Printed Pages**
**આ પ્રશ્નપત્રમાં કુલ 24 છાપેલાં પાનાં છે.**

| | |
|---|---|
| સમય : 3 કલાક | Time : 3 Hours |
| કુલ પ્રશ્નો : 100 | Total Questions : 100 |
| કુલ ગુણ : 100 | Total Marks : 100 |

ઉમેદવારનો બેઠક નંબર: Roll no :

**ઉમેદવારનો બેઠક ક્રમાંક :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

M

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં**

**ઉમેદવારોને સૂચના :**

(1) આ કસોટીપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે ચારેય વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે :

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી

(C) સુભાષચંદ્ર બોઝ (D) વિનોબા ભાવે

ઉત્તરપત્ર (OMR SHEET)માં

Ⓐ ● Ⓒ Ⓓ

ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે. આથી "B"નું વર્તુળ કાળું (encode) કરેલ છે. વર્તુળ કાળું કરવા માટે કાળી અથવા વાદળી બોલપેન જ વાપરવી, પેન્સિલ કે સ્કેચપેન વાપરવી નહીં. ઉમેદવારોએ જવાબમાં "મહાત્મા ગાંધી" લખવું નહીં.

(2) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(3) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ 1(એક) ગુણ મળવાપાત્ર થશે. આ વખતે બોર્ડ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી નથી.

(5) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(6) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) ઉત્તરપત્ર (OMR SHEET) ના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી હોવી ફરજિયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્રો (OMR SHEET) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. ઉમેદવારે પોતાની સહી સુવાચ્ય કરવાની રહેશે.

(8) આ પરીક્ષા "પુસ્તકો સાથે"ની છે, પરંતુ તે માટે પુસ્તકો તરીકે સરકારશ્રી દ્વારા બહાર પડાયેલ Bare Act/Rules (કોઇ પણ પ્રકારની ટીકા ટીપ્પણ કોમેન્ટ વિના) સાથે રાખી શકશો. પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી માન્ય પુસ્તકો સિવાયનું કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલ્કયુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે વાદળી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઇ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં

ઉમેદવારની સહી:________________________ ખંડ નિરીક્ષકની સહી:________________________

પરીક્ષા પૂરી થયા બાદ (OMR SHEET) ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુકયા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે.તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

1. વય નિવૃતિ પેન્શન મેળવવા માટે ઓછામાં ઓછી કેટલા વર્ષની નોકરી હોવી જોઇએ?

(A) ૨૦ વર્ષ

(B) ૧૦ વર્ષ

(C) 30 વર્ષ

(D) 33 વર્ષ

2. રજા પ્રવાસ રાહત પેશગી કેટલી મળવાપાત્ર છે?

(A) સંભવિત ખર્ચના 3/૪ ભાગ

(B) સંભવિત ખર્ચના ૪/૫ ભાગ

(C) સંભવિત ખર્ચના ૧/૨ ભાગ

(D) 30 દિવસનાં ખર્ચની મર્યાદામાં

3. વિના ટેન્ડરે ખરીદી માટેના સરકારી સંસ્થાઓના વર્ગીકરણમાં નીચે પૈકી કઇ સંસ્થાનો સમાવેશ 'કક્ષા-ક' મા કરેલ છે?

(A) અંધજન સંસ્થા

(B) અપંગો માટેની સંસ્થા

(C) ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ તથા માન્યસંસ્થાઓ

(D) જેલ

4. મેડીકલ પ્રમાણપત્રનાં આધારે કર્મચારી અસાધારણ રજા પર હોય તો કેટલી અસાધારણ રજા ઇજાફા માટે ધ્યાનમાં લઇ શકાય?

(A) બાર માસ

(B) બે વર્ષ

(C) છ માસ

(D) અસાધારણ રજા મેડીકલનાં આધારે હોય છે તો પણ ઇજાફા માટે ધ્યાનમાં લેવાતી નથી, ઇજાફો પાછો જાય.

5. પૂનઃવિનિયોગ અંગે જાતપાત્ર ખર્ચમાંથી બિનજાતપાત્ર ખર્ચ અંગે શુ જોગવાઇ છે?

(A) પૂનઃ વિનિયોગ થઇ શકે છે

(B) અંશતઃ પૂનઃ વિનિયોગ થઇ શકે છે

(C) જાહેર હિસાબ સમિતીની મંજુરીથી થઇ શકે છે

(D) પૂનઃ વિનિયોગ થઇ શકે નહી

6. શારિરીક યોગ્યતા પ્રમાણપત્ર કર્મચારીએ દાખલ તારીખથી કેટલા સમયમાં રજુ કરવાનું હોય છે?

(A) ત્રણ માસ

(B) છ માસ

(C) નવ માસ

(D) ચાર માસ

7. ચાલુ નોકરીએ અવસાન પામે તો પેશગી માંડવાળ કરવાની જોગવાઇ છે. આ માટે મકાન પેશગી પર જે વધારાનું વ્યાજ લેવામાં આવે છે તે કેટલા ટકા છે?

(A) ૦.૨૫ ટકા

(B) ૦.૩૫ ટકા

(C) ૦.૪૦ ટકા

(D) ૦.૪૫ ટકા

8. સમગ્ર નોકરી દરમ્યાન અધિકત્તમ કેટલી બીન જમા રજા મળવાપાત્ર છે?

(A) ૨૪૦ દિવસ

(B) ૩૬૫ દિવસ

(C) ૩૬૦ દિવસ

(D) ૯૦ દિવસ

9. કોઇપણ સંસ્થાને સરકાર દ્વારા આપવામાં આવતી લોન વધુમાં વધુ કેટલા સમય માટે મંજુર કરી શકાય?

(A) ૨૦ વર્ષ

(B) ૨૫ વર્ષ

(C) ૩૫ વર્ષ

(D) ૩૦ વર્ષ

10. ચાલુ નોકરીએ અવસાન પામતા કર્મચારીના કુટુંબે પેન્શન ચૂકવવા માટે કેટલા વર્ષની સેવા હોવી જરુરી છે?

(A) પાંચ વર્ષ

(B) દસ વર્ષ

(C) વીસ વર્ષ

(D) એક દિવસની સેવા કરી હોય તો પણ મળી શકે

11. કેટલા સમયથી વધુ સમય ખાલી રહેલ જગા સ્થગિત (Abeyance) થયેલ ગણાશે

(A) એક વર્ષથી વધુ

(B) બે વર્ષથી વધુ

(C) ૩ વર્ષથી વધુ

(D) પાંચ વર્ષથી વધુ

12. અતિ ચૂકવણી માટે કોણ જવાબદાર બને છે?

(A) બીલ આકારનાર

(B) બીલ ચૂકવનાર

(C) કેશીયર

(D) નાણા મેળવનાર

13. બ્રાન્ડેડ ખરીદી માટે ડીપાર્ટમેન્ટલ પર્ચેજ કમિટીની સત્તા કેટલી છે?

(A) ૧ લાખ

(B) ૫ લાખ

(C) કોઇ સત્તા નથી

(D) ૩ લાખ

14. પગાર ધોરણનાં મહત્તમ તબક્કે પહોચ્યા પછી સ્થગિત ઇજાફો કેટલા સમય બાદ મળે છે અને વધુમાં વધુ કેટલા સ્થગિત ઇજાફા મળે?

(A) ત્રણ વર્ષ – ત્રણ ઇજાફા

(B) બે વર્ષ – ત્રણ ઇજાફા

(C) દર વર્ષે ઇજાફો મળે – બે ઇજાફા

(D) ચાર વર્ષ – ચાર ઇજાફા

15. ગૃહમાં રજુ થતુ બીલ 'નાણા વિધેયક' છે તેવુ પ્રમાણપત્ર કોણ આપે છે?

(A) નાણા સચિવશ્રી

(B) મુખ્ય સચિવશ્રી

(C) વિધાનસભાના સચિવશ્રી

(D) સ્પીકરશ્રી

16. કોઇ કર્મચારીએ છ માસથી ઓછા સમય સરકારી સેવા કરેલ છે તો તેવા કર્મચારીએ રાજીનામું આપવુ હોય તો કેટલા સમયની નોટીસ આપવી પડે?

(A) એક માસ

(B) ત્રણ માસ

(C) એક સપ્તાહ

(D) ૧૫ દિવસ

17. એક નાગરિક ની  સરકારમાં નાણા ભર્યાની પહોંચ ખોવાઇ ગયેલ છે અને નાણા જમા કરાવ્યાનો આધાર તે નાગરિક ને જોઇએ છે તો શુ કરવુ જોઇએ?

(A) પહોંચની બીજી નકલ આપવી

(B) બીજી મૂળ નકલ આપવી

(C) નાણા જમા થયા અંગેનું પ્રમાણપત્ર આપવુ

(D) પહોંચની ઝેરોક્ષ નકલ આપવી

18. "હાજર થવાના સમય" દરમ્યાન પગાર કયા દરે મળવાપાત્ર છે?

(A) જુના મથકનાં પગાર મુજબ

(B) નવા મથકનાં પગાર મુજબ

(C) નવા તથા જુના મથકનાં મળવાપાત્ર પગારમાંથી જે ઓછુ હોય તે

(D) કર્મચારીના વિકલ્પ મુજબ

19. ગુજરાત નાણાકીય નિયમોમાં અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો આખરી સત્તા કોની પાસે છે?

(A) કાયદા વિભાગ

(B) નાણા વિભાગ

(C) સામાન્ય વહીવટ વિભાગ

(D) વિધાનસભા સચિવાલય

20. ચાલુ નોકરીએ અવસાન પામે તો ઉંચા દરનું કુટુંબ પેન્શન કેટલા સમય સુધી મળે છે?

(A) ૧૦ વર્ષ

(B) ૭ વર્ષ

(C) ૮ વર્ષ

(D) ૫ વર્ષ

21. શૈક્ષણિક કર્મચારીઓને નીચે પૈકી કઇ ઉચ્ચતર પગાર ધોરણની યોજના લાગુ પડે છે?

(A) ૧૨ વર્ષ – ૨૪ વર્ષ

(B) ૯ વર્ષ – ૧૮ વર્ષ – ૨૭ વર્ષ

(C) ૯ વર્ષ – ૨૦ વર્ષ – ૩૦ વર્ષ

(D) ૧૦ વર્ષ – ૨૦ વર્ષ – ૩૦ વર્ષ

22. મકાન પેશગી માટે ભંડોળ ઉપલબ્ધતાનું પ્રમાણપત્ર કોણ આપે છે?

(A) કચેરીનાં વડા

(B) ખાતાનાં વડા

(C) સંબંધિત વહિવટી વિભાગ

(D) નાણા વિભાગ

23. વિના ટેન્ડરે ખરીદી માટે જે વર્ગીકરણ કરેલ છે જેની યાદી કક્ષા 'ક' માં છે. નીચે પૈકી કઇ સંસ્થાનો સમાવેશ કક્ષા 'ક' મા નથી

(A) ગુશીલ

(B) વનીલ

(C) ખાદી અને વિલેજ ઇન્ડસ્ટ્રીઝ કમિશન માન્ય સંસ્થાઓ

(D) ગુર્જરી

24. નીચેમાંથી કયુ વિધાન ખોટુ છે/કે સુસંગત નથી?

(A) સ્થગિત ઇજાફો ઘરભાડા ભથ્થા માટે ધ્યાનમાં લેવાય છે.

(B) સ્થગિત ઇજાફો પેન્શનના હેતુ માટે ધ્યાનમાં લેવાય છે.

(C) સ્થગિત ઇજાફો મોંઘવારી ભથ્થાનાં હેતુ માટે ધ્યાનમાં લેવાય છે.

(D) બઢતીનાં પગાર નક્કી કરવામાં સ્થગિત ઇજાફો ધ્યાનમાં લેવાય છે.

25. માર્ચ ૨૦૨૩ના માસનાં કર્મચારીઓના પગાર ભથ્થા ખર્ચની જોગવાઇ કયા નાણાકીય વર્ષના અંદાજપત્રમાં કરવામાં આવે છે?

(A) નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪

(B) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩

(C) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩ તથા ૨૦૨૩-૨૦૨૪નાં અંદાજપત્રમાં પ્રમાણસર રકમો

(D) કેલેન્ડર વર્ષ ૨૦૨૩ના વર્ષમાં

26. કોઇ એક કર્મચારીએ રાજીનામું આપવા માટે નિયત સમય ગાળાની નોટીસ સક્ષમ અધિકારીને આપેલ છે પરંતુ, નોટીસનો સમય પૂર્ણ થવા છતાં સક્ષમ અધિકારી તેનો સ્વીકાર કે અસ્વીકાર કરવાનો નિર્ણય લેતા નથી. તો તેવા સંજોગોમાં શુ કાર્યવાહી કરવાની થાય?

(A) કર્મચારીએ પૂનઃ ૩ માસની નોટીસ આપવાની થાય.

(B) રાજીનામું મંજુર થયેલ ગણાય.

(C) રાજીનામું નામંજુર ગણાય.

(D) કર્મચારીએ પૂનઃ એક માસની નોટીસ આપવાની થાય.

27. પેશગીનાં સંદર્ભમાં કયુ વિધાન સાચુ નથી?

(A) મકાન પેશગી મુદલની વસુલાત ૧૮૦ હપ્તામાં કરાય છે.

(B) મોટર સાયકલ પેશગીની મુદલની વસુલાત ૬૦ હપ્તામાં કરાય છે.

(C) મોટર કાર પેશગીની વસુલાત મુદલ તથા વ્યાજ સહિત ૧૨૦ હપ્તામાં કરવામાં આવે છે.

(D) ઉપરોકત પેશગીનાં હિસાબો મહાલેખાકાર રાજકોટની કચેરી દ્વારા નિભાવવામાં આવે છે.

28. નીચેનામાંથી કયુ વિધાન સાચું નથી?

(A) ફરજ પર જોડાવાનો સમય વધુમાં વધુ ૩૦ દિવસની મર્યાદામાં મળે છે.

(B) એક જ મથકે કચેરી બદલાતી હોય ત્યારે બદલી દરમ્યાન એક દિવસનો સમય ફરજ પર જોડાવા માટે મળે છે.

(C) ફરજ પર જોડાવાનો સમય છ માસમાં ભોગવવાનો હોય છે.

(D) ફરજ પર જોડાવાનો સમય ન ભોગવે તો તેટલો સમય હક્કરજામાં તબદીલ કરી શકાય છે.

29. મકાન પેશગીની વસુલાત થઇ ગયેલ હોય તો નો ડયુ સર્ટીફીકેટ કોની પાસેથી મેળવવાનું હોય છે?

(A) જે કચેરીમાંથી લોન લીધી હોય તે કચેરી પાસેથી

(B) મહાલેખાકારની કચેરી પાસેથી

(C) સંબંધિત વહીવટી વિભાગ પાસેથી

(D) નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી પાસેથી

30. રૂપાંતરી પેન્શનની રકમનું પૂનઃસ્થાપન કેટલા વર્ષ પછી થાય છે?

(A) ૧૫ વર્ષ

(B) ૧૩ વર્ષ

(C) ૧૪ વર્ષ

(D) ૧૦ વર્ષ

31. નીચે પૈકી કયુ વિધાન ઉચ્ચતર પગાર ધોરણના સંદર્ભમાં સાચુ નથી?

(A) કર્મચારીને ત્રણ બઢતી મળેલ હોય તો ઉચ્ચતર પગાર ધોરણ નથી.

(B) એક બઢતી મળેલ હોય તો વધુમાં વધુ બે ઉચ્ચતર પગાર ધોરણ બધી શરતો પૂર્ણ કરતા હોય તો મળવાપાત્ર છે.

(C) ભરતી નિયમોનુસાર કોઇ કર્મચારીને બઢતીનું પગાર ધોરણ ન હોય તો તેને ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર નથી.

(D) અગ્રિમ ઇજાફામાં ૧૦ વર્ષના ઇજાફાની ગણતરીના હેતુ માટે ધ્યાનમાં લેવાપાત્ર નથી.

32. રજા પ્રવાસ રાહત પેશગી લીધી હોય તો કેટલા સમયમાં પ્રવાસ ભથ્થા બીલ રજુ કરવુ જોઇએ?

(A) એક માસ

(B) બે માસ

(C) ત્રણ માસ

(D) બાર માસ

33. રીપીટ ઓર્ડર માટે સેક્રેટરી પર્ચેઝ કમિટી (SPC)ની સત્તા નીચે દર્શાવેલ પૈકી કેટલી છે?

(A) ૩૫ લાખ

(B) ૪૦ લાખ

(C) ૫૫ લાખ

(D) ઉપરોકત તમામ

34. એક વર્ગ-૧ ના અધિકારીને તે જ જિલ્લાની અન્ય કચેરીનાં વર્ગ-૧ના અધિકારીનો વધારાનો ચાર્જ (હવાલો) સુપ્રત કરાય છે તો કેટલુ ચાર્જ એલાઉન્સ મળવાપાત્ર થાય?

(A) ૧૦ ટકા ચાર્જ એલાઉન્સ મળી શકે

(B) સમાન જગા હોવાથી ચાર્જ એલાઉન્સ ન મળે

(C) ૫ (પાંચ) ટકા ચાર્જ એલાઉન્સ મળે

(D) નિયત કરવામાં આવેલ ફીકસ રકમ ચુકવવામાં આવે છે.

35. મોકુફ રાખવામાં આવેલી કર્મચારીઓની જગાઓના પગારભથ્થાના ખર્ચની જોગવાઇ અંદાજપત્રમાં કેવી રીતે કરવામાં આવે છે?

(A) થનાર ખર્ચના ૫૦ ટકાની રકમની જોગવાઇ કરાય છે

(B) કોઇપણ રકમની જોગવાઇ કરાતી નથી

(C) પૂરેપૂરી જોગવાઇ કરવામાં આવે છે

(D) ટોકન રકમની જોગવાઇ કરવામાં આવે છે

36. કર્મચારીની સેવાપોથીની વાર્ષિક ખરાઇ પ્રતિ વર્ષે કરવાની જોગવાઇ છે, તો આ વાર્ષિક ખરાઇ કયા અધિકારીએ કરવાની છે?

(A) સેવા રેકર્ડ નિભાવનાર અધિકારી

(B) નિયંત્રણ અધિકારી

(C) વિભાગીય અધિકારી

(D) ખાતાના વડા

37. વિગતવાર બીલમાં કેટલા રૂપિયાથી વધારે રકમના વાઉચર્સ બિલ સાથે સામેલ રાખવા જરૂરી છે?

(A) રૂ.૧૦૦૦/-

(B) રૂ.૨૦૦૦/-

(C) રૂ.૫૦૦/-

(D) રૂ.૧૫૦૦/-

38. ફરજ મોકુફીના સમયમાં કયુ વિધાન સાચું નથી?

(A) ફરજ મોકુફી દરમ્યાન અન્યત્ર ખાનગી નોકરી કરી શકાય છે

(B) ફરજ મોકુફી એ શિક્ષા નથી

(C) ફરજ મોકુફી દરમ્યાન રજા મંજુર કરી શકાતી નથી

(D) નિર્વાહ ભથ્થામાંથી GPF ની કપાત મરજીયાત છે

39. ચાલુ નોકરીમાં કર્મચારીનું અવસાન થાય અને તેની પાસે મકાન પેશગીની વસુલાત કરવાની બાકી હોય તો તે અંગે શુ જોગવાઇ છે?

(A) ગ્રેચ્યુટીમાંથી વસુલાત કરવી

(B) કુટુંબ પેન્શનમાથી વસુલાત કરવી

(C) રજા પગારમાંથી વસુલાત કરવી

(D) વસુલાતને માંડવાળ કરવી

40. પેન્શનના સંદર્ભમાં નીચેનામાંથી કયુ વિધાન સાચુ નથી?

(A) મૂળભુત રૂપાંતરની રકમ પેન્શન જમા કરાવીને પૂરા પેન્શનની માંગણી કરી શકે.

(B) કામચલાઉ પેન્શન મેળવતાં પેન્શનરને રૂપાંતરીત પેન્શનનાં લાભ મળતા નથી.

(C) કામચલાઉ પેન્શન ખાતાના વડા દ્વારા મંજુર કરવામાં આવે છે અને અધિકૃત કરવામાં આવે છે.

(D) ગ્રેચ્યુટીની મહત્તમ મર્યાદા વીસ લાખ છે.

41. નાણા વિભાગનાં તા.૧૯/૧૦/૨૨ના ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનો ઠરાવ કોને લાગુ પડતો નથી?

(A) આ ઠરાવ જે જગ્યાનું પગાર ધોરણ પે મેટ્રીકસ લેવલ ૮, પગાર ધોરણ ૪૪,૯૦૦ - ૧,૪૨,૪૦૦ કરતા વધુ ન હોય તેને લાગુ પડે છે.

(B) બીન શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડે છે.

(C) શૈક્ષણિક કર્મચારીઓને લાગુ પડે છે.

(D) પંચાયતમાં વહીવટી ફરજ બજાવતા હોય તેને લાગુ પડે છે.

42. મકાન પેશગીની રકમની વસુલાતના હપ્તા બેઝીક પગારના કેટલા ટકાથી વધવો જોઇએ નહી?

(A) 33 ટકા

(B) ૩૫ ટકા

(C) ૪૦ ટકા

(D) 30 ટકા

43. ૨૫ લાખથી વધુ પરંતુ ૫૦ લાખ સુધીનાં ટેન્ડર માટે EMD (અર્નેસ્ટ મની ડીપોઝીટ)ની રકમ કેટલી લેવાપાત્ર છે તથા ટેન્ડર ફી ની રકમ કેટલી લેવાપાત્ર છે?

(A) ટેન્ડરની અંદાજીત રકમના ૫ ટકા – ૧૫૦૦ રૂા

(B) ટેન્ડરની અંદાજીત રકમના ૩ ટકા – ૨૫૦૦ રૂા

(C) ટેન્ડરની અંદાજીત રકમના ૨ ટકા – ૨૫૦૦ રૂા

(D) ટેન્ડરની અંદાજીત રકમના ૨.૫ ટકા – ૨૦૦૦ રૂા

44. એક કર્મચારી ૫-ડીસેમ્બર-૨૦૨૨થી ૧૬ જાન્યુઆરી–૨૦૨૩ સુધી પ્રાપ્ત રજા પર છે. તેમને ઇજાફો કઇ તારીખથી મળવાપાત્ર થાય

(A) ૧.૧.૨૦23

(B) ૧૬.૧.૨૦23

(C) ૧૭.૧.૨૦23

(D) ૧.૨.૨૦૨૩

45. 'આકસ્મિક ફંડ' ના સચિવ તરીકેની જવાબદારી કોણ સંભાળે છે?

(A) નાણા સચિવશ્રી

(B) મહેસુલ સચિવશ્રી

(C) મુખ્ય સચિવશ્રી

(D) વિધાનસભાના સચિવશ્રી

46. ખાતાના વડા (HOD) તથા અખિલ ભારતીય સેવા (AIS) અધિકારીઓના સેવા રેકર્ડ કઇ કચેરી નિભાવે છે?

(A) સામાન્ય વહિવટ વિભાગ

(B) હિસાબ અને તિજોરી નિયામક

(C) જે તે વહિવટી વિભાગ

(D) પગાર અને હિસાબ અધિકારીની કચેરી

47. તિજોરીમાં મુકવામાં આવેલ અનામત કેટલા સમય સુધી ઉપાડવામાં ન આવે તો રદ થાય છે?

(A) પૂરા પાંચ નાણાકીય વર્ષ

(B) પૂરા ત્રણ નાણાકીય વર્ષ

(C) પૂરા દસ નાણાકીય વર્ષ

(D) પુરા સાત નાણાકીય વર્ષ

48. નીચે પૈકી કયા કિસ્સામાં કાયમી મુસાફરી ભથ્થુ મળવાપાત્ર નથી?

(A) કાર્યક્ષેત્ર બહાર કરેલ મુસાફરી માટે

(B) પ્રાપ્ત રજા દરમ્યાન

(C) ફરજ પર જોડાવાના સમય દરમ્યાન

(D) ઉપરના તમામ પ્રસંગે

49. પેટા વાઉચર્સની ચૂકવણી થઇ ગયા પછી કચેરીના વડા/ઉપાડ અધિકારીએ શુ કાર્યવાહી કરવાની છે?

(A) નાશ કરવા

(B) વાઉચર ઉપર નંબર આપવા

(C) "ચૂકતે અને રદ" કરી તેની નોંધ કરવી

(D) ફાઇલ કરવા

50. કર્મચારીના અવસાન બાદ તેના સંતાનને કેટલા સમય સુધી કુટુંબ પેન્શન ચૂકવવામાં આવે છે?

(A) લગ્ન થાય ત્યા સુધી

(B) નોકરી મળે ત્યા સુધી

(C) ૨૫ વર્ષની ઉંમર સુધી

(D) ઉપરના ત્રણમાંથી જે વહેલુ હોય ત્યા સુધી

51. ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે નીચે પૈકી કઇ પરીક્ષા પાસ કરવાની જોગવાઇ છે?

(A) નિયત થયેલ ખાતાકીય પરીક્ષા

(B) સામાન્યવહીવટ વિભાગ દ્વારા નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા

(C) લાગુ પડતી હિન્દી / ગુજરાતી પરીક્ષા

(D) ઉપરની તમામ

52. શુધ્ધ બુધ્ધિથી કાર્ય કરેલ હોય તેમ છતાં નુકશાન થાય તો તેવા સંજોગોમાં શુ કાર્યવાહી કરવી જોઇએ?

(A) નાની શિક્ષા કરવી

(B) નુકશાન વસુલ કરવુ

(C) પ્રમાણિક ભૂલ ગણી જતી કરવી

(D) શિક્ષા અને વસુલાત બન્ને કરવી

53. કેટલા રૂપિયાની ખરીદી કચેરીના વડા ભાવપત્રકો મેળવ્યા સિવાય કરી શકે?

(A) રૂ.૩૦૦૦/-

(B) રૂ.૭૫૦/-

(C) રૂ.૫૦૦/-

(D) રૂ.૧૫૦૦/-

54. બીન જમા રજા દરમ્યાન કર્મચારીને કેટલો પગાર મળે?

(A) અર્ધપગારી રજા પર હોય તે રીતે મળવાપાત્ર પગાર મળે

(B) પગાર ના મળે

(C) રૂપાંતરીત રજા પરનો મળવાપાત્ર પગાર મળે

(D) પ્રાપ્ત રજા પરનો પગાર મળવાપાત્ર થાય

55. નીચેનામાંથી કયો ખર્ચ 'મતપાત્ર' છે?

(A) રાજયપાલશ્રીનાં પગાર ભથ્થાનો ખર્ચ

(B) ગુજરાત જાહેર સેવા આયોગનાં પગાર ભથ્થાનો ખર્ચ

(C) મુખ્ય મંત્રીશ્રીનાં પગાર ભથ્થાનો ખર્ચ

(D) ઉચ્ચ અદાલતના પગાર ભથ્થાનો ખર્ચ

56. નીચેનામાંથી કયુ વિધાન ખોટુ છે?

(A) અંગત પગાર ભવિષ્યમાં મળનાર ઇજાફામાં ભળી જાય છે.

(B) ખાસ પગાર ઉપર મોંઘવારી ભથ્થુ મળે છે.

(C) ખાસ પગાર જગા સાથે સંકળાયેલ છે.

(D) અંગત પગાર કર્મચારી સાથે સંકળાયેલ છે.

57. વિગતવાર સદર 'પ્રવાસખર્ચ' માં નીચે પૈકી કયા ખર્ચનો સમાવેશ થતો નથી?

(A) માઇલેજ ભથ્થુ

(B) રજા પ્રવાસ રાહત અંગેનો ખર્ચ

(C) કાયમી મુસાફરી ભથ્થુ

(D) દૈનિક ભથ્થુ

58. કાયમી મુસાફરી ભથ્થુ મેળવતાં કર્મચારી સરકારી વાહનમાં મુસાફરી કરે તો કેટલુ મળે?

(A) તે દિવસનું ૫૦ ટકા

(B) પૂરેપૂરા મળે

(C) તે દિવસનું ન મળે

(D) તે દિવસનું ૭૫ ટકા

59. નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતો સાથે કઇ બાબત સુસંગત નથી?

(A) ખર્ચ માન્ય નીતિ અને પ્રણાલીકા મુજબનો હોવો જોઇએ

(B) વધુ પડતો / અસાધારણ ખર્ચ કરવો નહી

(C) વિવેક બુધ્ધિ પૂર્વક તકેદારી રાખીને ખર્ચ થાય તે જોવુ

(D) પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ફાયદો થાય તેવા હુકમો કરવા

60. પ્રવર્તમાન નિયમોનુસાર કુટુંબ પેન્શનની ઓછામાં ઓછી રકમ કેટલી છે?

(A) રૂ.૭૦૦૦/-

(B) રૂ.૯૦૦૦/-

(C) રૂ.૧૦,૦૦૦/-

(D) રૂ.૧૨,૦૦૦/-

61. ઉચ્ચતર પગાર ધોરણ માટે વર્ષની ગણતરી માટે નીચે દર્શાવેલ પૈકી કઇ બાબત ધ્યાનમાં લેવામાં આવે છે?

(A) અનુમાનિત તારીખ (ડીમ્ડ ડેટ)

(B) પૂનઃ નિર્ધારીત તારીખ (રી એડજસ્ટમેન્ટ ડેટ)

(C) બીન પગારી રજાઓ

(D) ફરજ મોકુફી તરીકે ગણેલ ફરજ મોકુફીનો સમય

62. મકાન પેશગીનો વિમો સરકારી કર્મચારીએ કઇ એજન્સી/કચેરી પાસેથી લેવાનો હોય છે?

(A) ન્યુ ઇન્ડીયા ઇન્સ્યોરન્સ કંપની

(B) યુનાઇટેડ ઇન્ડીયા ઇન્સ્યોરન્સ કંપની

(C) વિમા નિયામકની કચેરી

(D) નેશનલ ઇન્સ્યોરન્સ કંપની

63. લેખન સામગ્રીની ચીજવસ્તુઓની સ્થાનિક ધોરણે ખરીદી કરવા કચેરીનાં વડાને કેટલી સત્તા છે?

(A) રૂ.૩૦૦૦/-

(B) રૂ.૪૦૦૦/-

(C) રૂ.૫૦૦૦/-

(D) સંપૂર્ણ સત્તા

64. રજાના સંદર્ભમાં કયુ વિધાન સાચું નથી?

(A) સક્ષમ અધિકારી કર્મચારીની રજાનો પ્રકાર બદલી શકે છે.

(B) સક્ષમ અધિકારી રજા નામંજુર કરી શકે છે.

(C) રજાની માંગણી હક્ક તરીકે કરી શકાય નહી.

(D) રૂપાંતરીત રજા પ્રાપ્ત રજા સાથે જોડી શકાય છે.

65. શિક્ષણ, ખેતી, આરોગ્ય જેવા કાર્યો કયા સદર હેઠળ આવે છે?

(A) ગૌણ સદર

(B) પેટા સદર

(C) વિગતવાર સદર

(D) મુખ્ય સદર

66. કર્મચારીને પ્રવરતાને ધ્યાનમાં લીધા સિવાય બઢતી આપવામાં આવે છે તો પગાર બાંધણી કઇ રીતે કરાય છે?

(A) કાલ્પનીક ઇજાફો ઉમેર્યા બાદ ઉપલી જગ્યાના પગાર ધોરણમાં પગાર નક્કી કરવો

(B) કાલ્પનીક ઇજાફો ઉમેર્યા પછી ઉપરના તબક્કે ઉપરની જગ્યાના પગાર ધોરણમાં પગાર નક્કી કરવો

(C) પગાર ધોરણના મહ્ત્તમ તબક્કે ઉપરની જગ્યામાં પગાર નક્કી કરવો

(D) નીચલી જગ્યામાં મેળવતાં પગારના પછીના તબક્કે ઉપરની જગાના પગાર ધોરણમાં પગાર નક્કી કરવો

67. નીચે પૈકી કયા ખર્ચનો સમાવેશ કચેરી ખર્ચમાં થતો નથી?

(A) મકાનોના ભાડા

(B) ગણવેશ ખર્ચ

(C) કચેરીમાં ફર્નિચરનો ખર્ચ

(D) ટપાલ ખર્ચ

68. એક કર્મચારી સળંગ ૧૨૫ દિવસનું રોકાણ મુખ્ય મથક બહાર જાહેર હિતમાં કરે છે તો તેને દૈનિક ભથ્થુ કેટલુ મળશે?

(A) ૧૨૫ દિવસનું પૂર્ણ દરે

(B) ૯૦ દિવસનું પૂર્ણ દરે તથા ૩૫ દિવસનું ૧/૨ દરે

(C) ૯૦ દિવસનું પૂર્ણ દરે તથા ૩૫ દિવસનું ન મળે

(D) ૯૦ દિવસનું પૂર્ણ દરે તથા ૩૫ દિવસનું ૨/૩ દરે

69. તિજોરી કચેરી તરફથી આપવામાં આવતાં ચેકની સમયમર્યાદા કેટલી હોય છે?

(A) ચેક આપ્યાના મહિના પછીના ત્રણ માસ સુધી

(B) ચેકની તારીખથી ૩ (ત્રણ) માસ

(C) ચેકની તારીખથી છ માસ

(D) ચેકની તારીખથી ૪ માસ

70. એક અધિકારી સરકારી ગેસ્ટ હાઉસમાં રહે છે અને ઘરભાડા ભથ્થાની માંગણી કરે છે –

(A) ઘરભાડા ભથ્થાની મર્યાદામાં સરકારી ગેસ્ટ હાઉસમાં ચુકવેલ રકમ આપી શકાય

(B) ઘરભાડા ભથ્થુ મળવાપાત્ર નથી

(C) વહીવટી વિભાગની મંજુરીથી ચૂકવી શકાય

(D) જુના મથકમાં મળતી ઘરભાડા ભથ્થાની મર્યાદામાં ચૂકવી શકાય

71. ઉચ્ચતર પગાર ધોરણ માટે વર્ષની ગણતરી માટે નીચે દર્શાવેલ કયા ઇજાફા ગણતરીમાં લેવામાં આવતા નથી?

(A) અજમાયશી સમય દરમ્યાન મેળવેલ ઇજાફા

(B) સ્થગિત ઇજાફા

(C) અગ્રીમ ઇજાફા

(D) સામાન્ય ઇજાફા

72. કેટલા સમયથી વધુ સમયનાં કરાર હોય તો તેવો કરાર ફોક કે રદ કરવાની બિનશરતી જોગવાઇ કરવી જોઇએ?

(A) ૩ વર્ષ

(B) ૫ વર્ષ

(C) ૭ વર્ષ

(D) ૧૦ વર્ષ

73. પ્રાદેશિક વડા જાહેર કરવાની સત્તા કોને છે?

(A) નાણા વિભાગને

(B) સામાન્ય વહીવટી વિભાગને

(C) સંબંધિત વહીવટી વિભાગને

(D) ખાતાનાં વડાને

74. પરચુરણ રજા કઇ રજા સાથે જોડી શકાય છે?

(A) પ્રાપ્ત રજા

(B) રૂપાંતરીત રજા

(C) અર્ધપગારી રજા

(D) ઉપરમાંથી એકપણ નહીં

75. નીચેમાંથી કયુ વિધાન સાચુ નથી?

(A) ખર્ચ અગ્રતા સમિતિનાં સભ્યો નાણા સચિવ, મુખ્ય સચિવ તથા નાણામંત્રી હોય છે.

(B) અંદાજ સમિતિના સભ્યોની સંખ્યા ૧૫ છે.

(C) જાહેર હિસાબ સમિતિના સભ્યોની સંખ્યા ૧૫ છે.

(D) જાહેર હિસાબ સમિતિની રચના બજેટ સત્ર પૂર્ણ થતાં તરત થાય છે.

76. કર્મચારીની નિમણૂંક નિયમીત બઢતી ઉપરની જગા પર કરવામાં આવે ત્યારે પગાર કયા નિયમ મુજબ નક્કી કરવામાં આવે છે?

(A) નિયમ ૧૩

(B) નિયમ ૧૧(૨)

(C) નિયમ ૧૧(૧)

(D) નિયમ ૧૧(3)

77. વિગતવાર સદર ‘પગાર’ હેઠળ નીચે પૈકી કયા ખર્ચનો સમાવેશ થાય છે?

(A) મોંઘવારી ભથ્થુ

(B) વાહન ભથ્થુ

(C) બદલી ભથ્થુ

(D) રજા પ્રવાસ રાહતનો ખર્ચ

78. પેન્શનનાં સંદર્ભમાં નીચેનું કયુ વિધાન સાચુ નથી?

(A) 3૬ માસ ઉપરાંતની અસાધારણ રજા પેન્શનના હેતુ માટે ધ્યાનમાં લેવાની રહેતી નથી.

(B) વહીવટી કારણસર સળંગ ત્રણ માસથી વધુની તૂટ હોય તો તે બીન પેન્શનપાત્ર ગણાય છે.

(C) રાજયપત્રિત અધિકારીને ૫૦ વર્ષની ઉંમર પછી સરકાર કોઇપણ કારણ આપ્યા વગર અપરિપકવ નિવૃત્તીનો હુકમ કરી શકે છે.

(D) ઉપરના બધા વિધાન સાચા છે.

79. નીચેનામાંથી કઇ બાબત પગારની વ્યાખ્યામાં નથી આવતી?

(A) માનદ્દ વેતન

(B) પાકો પગાર

(C) ઇજાફો

(D) ખાસ પગાર

80. કોઇપણ પ્રકારની રજા દરમ્યાન ઘરભાડા ભથ્થુ કેટલા સમય સુધી પૂરા દરે ચૂકવી શકાય?

(A) ૧૮૦ દિવસ

(B) ૧૨૦ દિવસ

(C) ૨૪૦ દિવસ

(D) 3૬૦ દિવસ

81. વર્ગ-૨ માં ફરજ બજાવતાં કર્મચારીને નીચે પૈકી કયા અધિકારી ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરી શકે છે?

(A) ખાતાના વડા

(B) નિમણુંક કરતા સત્તાધિકારી

(C) જે કચેરીમાં ફરજ બજાવતાં હોય તે કચેરીના વડા

(D) પ્રાદેશિક વડા

82. સામાન્ય ભવિષ્ય નીધિમાંથી ઉપાડની આપેલી મંજુરી કેટલા સમય પછી રદ થશે?

(A) ત્રણ માસ

(B) છ માસ

(C) બાર માસ

(D) નવ માસ

83. ફર્નિચર અને સાધન સામગ્રીની ખરીદી માટે કચેરીના વડાને કેટલી નાણાકીય સત્તા છે?

(A) દરેક કેસમાં ૫૦૦/- થી વધુ નહી – વાર્ષિક ૧૫૦૦૦ રૂ.

(B) દરેક કેસમાં ૫૦૦/- થી વધુ નહી – વાર્ષિક ૧૦૦૦૦ રૂ.

(C) દરેક કેસમાં ૧૦૦૦/- થી વધુ નહી – વાર્ષિક ૧૫૦૦૦ રૂ.

(D) દરેક કેસમાં ૧૦૦૦/- થી વધુ નહી – વાર્ષિક ૨૦૦૦૦ રૂ.

84. સક્ષમ અધિકારી કયા નિયમ અન્વયે કર્મચારીને રજા પરથી પાછો બોલાવી શકે?

(A) નિયમ ૪૨ (GCSR – રજા-૨૦૦૨)

(B) નિયમ ૩૬ (GCSR – રજા-૨૦૦૨)

(C) નિયમ ૩૭ (GCSR – રજા-૨૦૦૨)

(D) નિયમ ૪૦ (GCSR – રજા-૨૦૦૨)

85. પૂનઃ વિનિયોગ એટલે શુ?

(A) પૂરક માંગણી

(B) ગ્રાન્ટની અંદર ફંડની ફેરબદલી

(C) ગ્રાન્ટની વધુ માંગણી

(D) જોગવાઇ કરતા ઓછા ખર્ચની સ્પષ્ટતા

86. કોઇ કર્મચારીની નિમણુંક સીધી ભરતીથી માન્ય ભરતી પધ્ધતિ દ્વારા કરવામાં આવેલ હોય તો તેના પગારનું રક્ષણ કયારે કરાય?

(A) નવી નિમણુંકનું પગાર ધોરણ ઉંચુ હોય

(B) નવી નિમણુંકનું પગાર ધોરણ જુની જગ્યાના પગાર ધોરણ કરતા નીચુ હોય

(C) નવી નિમણુંકનું પગાર ધોરણ સરખુ હોય

(D) ઉપરના A તથા C બન્ને પ્રસંગે પગાર રક્ષિત થાય

87. આકસ્મિક ભંડોળ કોના હસ્તક મુકવામાં આવેલ છે?

(A) મુખ્ય સચિવશ્રી

(B) મુખ્ય મંત્રીશ્રી

(C) નાણા સચિવશ્રી

(D) રાજયપાલશ્રી

88. પેન્શનના સંદર્ભમાં નીચેનામાંથી કયુ વિધાન સાચુ નથી?

(A) ગેરવર્તન કરનાર કર્મચારીની સેવાનો અંત લાવવામાં આવે ત્યારે તેને રહેમીયત પેન્શન મળી શકે નહી.

(B) અશકતતા પેન્શન માટે ઓછામાં ઓછી ૧૦ વર્ષની સેવા હોવી જરુરી છે.

(C) નોન પ્રેકટીસીંગ એલાઉન્સની રકમ પેન્શનપાત્ર પગાર નક્કી કરવા માટે ગણતરીમાં લેવાની નથી.

(D) બરતરફ કર્મચારીને રહેમીયત પેન્શન મળવાપાત્ર નથી.

89. ઉચ્ચક બિલનું વિગતવાર બીલ કયા નમુનામાં તૈયાર કરાય છે?

(A) GTR ૪૦

(B) GTR ૩૧

(C) GTR ૪૭

(D) GTR ૧૬

90. એક વર્ષથી ઓછી નોકરી કરેલ હોય તેવા કર્મચારીના કિસ્સામાં કર્મચારીનું અવસાન થાય તો કેટલી ગ્રેચ્યુટી મળી શકે?

(A) ગ્રેચ્યુટી માટે હક્કદાર નથી

(B) બે પગાર

(C) જેટલા માસની નોકરી કરી હોય તેટલા પગાર

(D) દસ પગાર

91. નાણા વિભાગના તા.૫.૭.૯૧ના ઠરાવથી અમલમાં આવેલ ૯ – ૧૮ – ૨૭ વર્ષની ઉચ્ચતર પગાર ધોરણની યોજનાના સમયની તારીખ કઇ નિયત કરવામાં આવેલ છે?

(A) ૫.૭.૧૯૯૧

(B) ૧.૧.૧૯૯૧

(C) ૧.૭.૧૯૯૧

(D) ૧.૬.૧૯૮૭

92. કેશબુકમાં રોકડની ભૌતિક ચકાસણી કરવા બાબતે શુ જોગવાઇ છે?

(A) દર માસનાં અંતે નિયમિત અને માસ દરમ્યાન એક વાર આકસ્મિક

(B) જયારે રોકડ વ્યવહાર થાય ત્યારે

(C) દર ત્રણ માસે એક વાર

(D) ૩૧ ડીસેમ્બરના રોજ કરવી

93. કચેરી માટે ખરીદેલ ફ્રેંકીંગ મશીનની દ્વિતીય વર્ષ મરામત ખર્ચ કરવા માટે કચેરીના વડાને આપવામાં આવેલ સત્તાની નાણાકીય મર્યાદા કેટલી છે?

(A) ખરીદ કિંમતના 30 ટકા

(B) ખરીદ કિંમતના ૧૦ ટકા

(C) ખરીદ કિંમતના ૨૦ ટકા

(D) ખરીદ કિંમતના ૧૫ ટકા

94. LTCના હેતુ માટે કેટલી પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર કરી શકાય અને સમગ્ર નોકરી દરમ્યાન મહત્તમ કેટલી પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર કરી શકાય?

(A) ૧૦ અને 30

(B) ૧૦ અને ૪૦

(C) ૧૦ અને ૫૦

(D) ૧૦ અને ૬૦

95. ગિલોટીન(ચર્ચા બંધી) અંગેની સત્તા કોની છે?

(A) મુખ્ય દંડક

(B) સ્પીકર

(C) જાહેર હિસાબ સમિતિના ચેરમેન

(D) નાણાપ્રધાન

96. કોઇ કર્મચારીને પાયરી ઉતાર કરવામાં આવે ત્યારે તેનો પગાર કઇ રીતે નક્કી કરાય છે?

(A) જે પગાર મળતો હોય તે નીચલી જગામાં રક્ષિત કરવા

(B) નીચલી જગાના પગાર ધોરણનાં લઘુત્તમ પગાર

(C) જો બઢતી ન મળી હોત તો નીચલી જગા પર જે પગાર મળતો હોત તે પગાર

(D) પગારમાં કોઇ ફેરફાર કરવાની જરૂર નથી, માત્ર પગાર ધોરણ બદલાય છે.

97. સુધારેલ અંદાજો તૈયાર કરવા માટેની કાર્યપધ્ધતિ શુ છે?

(A) ચાલુ નાણાકીય વર્ષના આઠ માસનું ખર્ચ તથા ગત નાણાકીય વર્ષના ચાર માસના ખરેખર ખર્ચના આંકડા

(B) ચાલુ વર્ષના ચાર માસના તથા ગત વર્ષના આઠ માસના ખરેખર આંકડા

(C) ચાલુ વર્ષના છ માસના તથા અગાવુ વર્ષના આઠ માસના આંકડા

(D) ચાલુ વર્ષના નવ માસના તથા અગાવુ વર્ષના છ માસના આંકડા

98. ચાલુ નોકરીમાં અવસાન પામતા કર્મચારીની સેવામાં પાંચ વર્ષથી વધુ અને અગિયાર વર્ષથી ઓછી છે તો કેટલી ગ્રેચ્યુટી મળવાપાત્ર થશે?

(A) વીસ પગાર

(B) દસ પગાર

(C) ૧૨ પગાર

(D) 33 પગાર

99. 'તિજોરી ખાતે ચૂકવવાપાત્ર નથી' એવો શેરો કયા બીલના મથાળે લખવાની જોગવાઇ છે?

(A) ઉચ્ચક બીલ

(B) ઉચ્ચક બીલનું વિગતવાર બીલ

(C) ગ્રાન્ટ ઇન એઇડ બીલ

(D) પ્રવાસ ભથ્થા બીલ

100. પેન્શન ચૂકવણી હુકમમાં શરતચૂકથી નામમાં ભુલ થયેલ છે તો આ અંગે સુધારો કોણ કરી શકે?

(A) સંબંધિત જિલ્લા તિજોરી અધિકારી જરૂરી આધાર મેળવી કરી શકે

(B) કર્મચારી જે કચેરીમાંથી નિવૃત થયા હોય તે કચેરી

(C) પેન્શન ચૂકવણી હુકમ જે કચેરીએ મંજુર કરેલ છે તે કચેરી

(D) ઉપર પૈકી કોઇપણ કચેરી

---

પ્રશ્નપુસ્તિકા શ્રેણી

# M

# HH04

**This Question Booklet Contains 24 Printed Pages**
**આ પ્રશ્નપત્રમાં કુલ 24 છાપેલાં પાનાં છે.**

સમય : 3 કલાક Time : 3 Hours

કુલ પ્રશ્નો : 100 Total Questions : 100

કુલ ગુણ : 100 Total Marks : 100

ઉમેદવારનો બેઠક નંબર: Roll no :

ઉમેદવારનો બેઠક ક્રમાંક :

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

M

## તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં

### ઉમેદવારોને સૂચના :

(1) આ કસોટીપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે ચારેય વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે :

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી

(C) સુભાષચંદ્ર બોઝ (D) વિનોબા ભાવે

ઉત્તરપત્ર (OMR SHEET)માં

Ⓐ ● Ⓒ Ⓓ

ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે. આથી "B"નું વર્તુળ કાળું (encode) કરેલ છે. વર્તુળ કાળું કરવા માટે કાળી અથવા વાદળી બોલપેન જ વાપરવી, પેન્સિલ કે સ્કેચપેન વાપરવી નહીં. ઉમેદવારોએ જવાબમાં "મહાત્મા ગાંધી" લખવું નહીં.

(2) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(3) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ 1(એક) ગુણ મળવાપાત્ર થશે. આ વખતે બોર્ડ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી નથી.

(5) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(6) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) ઉત્તરપત્ર (OMR SHEET) ના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી હોવી ફરજિયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્રો (OMR SHEET) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. ઉમેદવારે પોતાની સહી સુવાચ્ય કરવાની રહેશે.

(8) આ પરીક્ષા "પુસ્તકો સાથે"ની છે, પરંતુ તે માટે પુસ્તકો તરીકે સરકારશ્રી દ્વારા બહાર પડાયેલ Bare Act/Rules (કોઈ પણ પ્રકારની ટીકા ટીપ્પણ કોમેન્ટ વિના) સાથે રાખી શકશો. પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી માન્ય પુસ્તકો સિવાયનું કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે વાદળી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં

ઉમેદવારની સહી:________________________ ખંડ નિરીક્ષકની સહી:________________________

પરીક્ષા પૂરી થયા બાદ (OMR SHEET) ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુકયા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે.તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

1. ગુજરાત રાજ્યમાં હાલમાં ત્રિસ્તરીય પંચાયતીરાજ અંતર્ગત કેટલી સ્થાનિક સ્વરાજ સંસ્થાઓના વહીવટ સંબંધિત મુખ્ય જવાબદારી છે?

(A) ૨૫ જિલ્લા પંચાયત,૨૨૪ તાલુકા પંચાયત અને ૧૩,૬૮૫ ગ્રામ પંચાયત

(B) 33 જિલ્લા પંચાયત ,૨૪૮ તાલુકા પંચાયત અને ૧૪,૨૬૫ ગ્રામ પંચાયત

(C) ૨૮ જિલ્લા પંચાયત ,૧૮૬ તાલુકા પંચાયત અને ૧૪,૨૬૫ ગ્રામ પંચાયત

(D) ૩૧ જિલ્લા પંચાયત, ૨૫૨ તાલુકા પંચાયત અને ૧૪,૨૬૫ ગ્રામ પંચાયત

2. કેન્દ્રીય સેવાઓ અને હોદ્દાઓમાં નિયુક્ત થતી વ્યક્તિઓની ભરતી અને સેવાની શરતો ઉપર નિયમન કોણ કરે છે ?

(A) સંસદ

(B) વડાપ્રધાન

(C) રાષ્ટ્રપતિ

(D) કેન્દ્રીય પ્રધાન મંડળ

3. નીચેના વિધાનો ચકાસો

1. ભારતના ઉચ્ચ ન્યાયાલયના ન્યાયધીશોને દૂર કરવાની રીત સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ ને દૂર કરવા જેવી જ હોય છે.

2. ઉચ્ચ ન્યાયાલયના કોઈ સ્થાયી ન્યાયાધીશ પોતાના પદથી નિવૃત્ત થયાબાદ ભારતના કોઈ પણ ન્યાયાલયમાં કાર્ય કરી શકતા નથી.

ઉપરના વિધાનો પૈકી ક્યું/કયાં વિધાન/ વિધાનો સાચું/સાચાં છે?

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 (D) એકપણ નહીં

4. મનરેગા યોજના અંતર્ગત તમામ રાજ્યો કે કેન્દ્રશાશિત પ્રદેશોએ ગ્રામીણ વિકાસ મંત્રાલય સમક્ષ તેમનું વાર્ષિક કાર્ય આયોજન અને શ્રમ અંદાજપત્ર (એલબી) કયાં સુધી રજૂ કરવાના રહેશે?

(A) ૩૧મી ડિસેમ્બર સુધી

(B) ૨ જી ઓક્ટોમ્બર

(C) ૧૫મી નવેમ્બર

(D) ૧ લી ડિસેમ્બર

5. નીચેના પૈકી કયો વિષય ભારત ના સંવિધાનની સમવર્તી યાદીમાં સમાવિષ્ટ થયેલ નથી ?

(A) ખેતીની જમીન સિવાયની મિલકતનું હસ્તાંતરણ

(B) વિલ

(C) વસ્તી નિયંત્રણ અને કુટુંબ નિયંત્રણ

(D) મત્સ્ય ક્ષેત્રો

6. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ - 1961 ની કઈ કલમની જોગવાઈ મુજબ રજિસ્ટ્રારશ્રીની સત્તાઓ અંતર્ગત "રજીસ્ટ્રાર પોતે પોતાની મેળે અમુક સંજોગોમાં મંડળીને આદેશો આપી શકે,અને આદેશોનું પાલન ન કરે તો મંડળીના ખર્ચે કામ કરાવી શકશે. તથા તેનું ખર્ચ મંડળી પાસેથી વસૂલ કરી શકે."

(A) કલમ – ૧૬૦

(B) કલમ – ૯૩

(D) કલમ – ૮૬, ૮૭

(D) કલમ – ૯૦

7. ભારતીય સંવિધાનના કયા અનુચ્છેદમાં ચૂંટણીપંચનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે?

(A) અનુચ્છેદ 324

(B) અનુચ્છેદ 356

(C) અનુચ્છેદ 382

(D) અનુચ્છેદ 280

8. સરકાર દ્વારા જ્યાં આપત્તિ થવાનો ભય તોળાતો હોય તેવો સંભવિત વિસ્તાર અથવા આપત્તિ ગ્રસ્ત વિસ્તાર તરીકે ગણવાનો હોય તેવા વિસ્તારને કેટલી મુદત માટે જાહેરનામામાં પ્રથમ તબક્કે નિર્દિષ્ટ કરવામાં આવે છે?

(A) 30 દિવસથી વધુ નહીં

(B) ૧૫ દિવસથી વધુ નહીં

(C) જ્યાં સુધી સ્થિતિ પૂર્વવત ન થાય ત્યાં સુધી

(D) ૬૦ દિવસથી વધુ નહીં

9. રાજ્ય સમકારી ફંડમાંથી અનુદાન મંજૂર કરવાની સત્તા કોની છે?

(A) વિકાસ કમિશ્નર

(B) જિલ્લા વિકાસ અધિકારી

(C) જિલ્લા પંચાયત પ્રમુખ

(D) પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ અધિકારી

10. ગુજરાત સરકાર દ્વારા ઈ–ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેક્ટની શરૂઆત કયારે કરવામાં આવી?

(A) વર્ષ ૨૦૦૪-૦૫ (B) વર્ષ ૨૦૦૮-૦૯

(C) વર્ષ ૨૦૧૨-૧૩ (D) વર્ષ ૨૦૦૭-૦૮

11. ૭૩ મો બંધારણીય સુધારો અમલમાં આવતા કયા અધિનિયમ હેઠળ રાજ્યમાં ત્રિસ્તરીય પંચાયતી રાજયના વહીવટ સ**t**બધે કાર્યવ**k**હી થાય છે?

(A) ગુજરાત પંચાયત અધિનિયમ સુધારો 2009

(B) ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩

(C) ગુજરાત સ્થાનિક સત્તામંડળ સુધારા કાયદો-2015

(D) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૬૧

12. સનદી અધિકારીઓની બરતરફી અંગેની જોગવાઈ બંધારણની ક્યા અનુચ્છેદમાં કરવામાં આવી છે?

(A) અનુચ્છેદ -246

(B) અનુચ્છેદ -244

(C) અનુચ્છેદ -311

(D) અનુચ્છેદ -309

13. ભારતનું ચૂંટણીપંચ કોના નિયંત્રણ હેઠળ કામ કરે છે?

(A) પ્રધાનમંત્રી (B) ગૃહમંત્રી

(C) ઉપરાષ્ટ્રપતિ (D) સ્વતંત્ર છે.

14. મનરેગાના અમલીકરણ અંગે જિલ્લા પંચાયતે જિલ્લા વાર્ષિક વિકાસ આયોજન અને શ્રમ અંદાજપત્ર રજૂ થયાના કેટલા દિવસની અંદર અર્થાત ક્યાં સુધીમાં તેને મંજૂરી આપવાની રહેશે?

(A) ૧૫ દિવસની અંદર અર્થાત ૧૫ નવેમ્બર સુધીમાં

(B) ૧૫ દિવસની અંદર અર્થાત ૧લી ડિસેમ્બર સુધીમાં

(C) ૭ દિવસની અંદર અર્થાત ૨ જી ઓક્ટોમ્બર સુધીમાં

(D) 30 દિવસની અંદર અર્થાત ૧ જાન્યુઆરી સુધીમાં

15. તાલુકા આયોજન સમિતિના પ્રમુખ કોણ હોય છે ?

(A) તાલુકા વિકાસ અધિકારી

(B) તાલુકા પંચાયતના પ્રમુખ

(C) તાલુકાની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ

(D) ઉપરનામાંથી કોઈ નહીં.

16. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ – 1961 ની કઈ કલમની જોગવાઈ હેઠળ સહકારી મંડળીને નુકશાન પહચાડનાર સામે નુકશાની આકારવાની જવાબદારી નક્કી કરવા તપાસણી અધિકારીની નિમણૂક કરવામાં આવે છે ?

(A) કલમ-૮૬

(B) કલમ -૯૩

(C) કલમ-૭૧

(D) કલમ-૧૦૩

17. નગરપાલિકાઓ દ્વારા ખાતાઓની જાળવણી અને અન્વેષણ કરવા કોણ જોગવાઈ કરી શકે છે?

(A) સી.એ.જી

(B) રાજ્યની વિધાનસભા

(C) રાજ્યપાલ

(D) ભારતના રાષ્ટ્રપતિ

18. આપત્તિ વ્યવસ્થાપનના હેતુઓ માટે પોલીસ દળ, ગ્રામરક્ષકદળ, નાગરિક સુરક્ષા તથા અગ્નિશમનની સેવાઓ ક્યારે લઈ શકાશે ?

(A) કોઈ વિસ્તારને અસરગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે ત્યારે

(B) રાજ્ય રાહત કમિશનરની સૂચના મળે ત્યારે

(C) જિલ્લા કલેકટરના આદેશ મળે ત્યારે

(D) સંબંધિત સત્તા મંડળના આદેશ પ્રાપ્ત થયેથી

19. નીચેનામાંથી કઈ સમિતિ તાલુકા પંચાયતની ફરજિયાત સમિતિ છે?

(A) શિક્ષણ સમિતિ (B) પાણી સમિતિ

(C) કારોબારી સમિતિ (D) બાંધકામ સમિતિ

20. ઈ- ગ્રામ ગુજરાતમાં VCE નું પૂરું નામ શું છે?

(A) VILLAGE COMMUNICATION ENTERPRENEUR

(B) VILLAGE COMPUTER ENTERPRENEUR

(C) VILLAGE CONSULTANCY ENTERPRENEUR

(D) VILLAGE COMPUTER ENROLLMENT

21. રાજ્ય સરકાર દ્વારા ગ્રામપંચાયતોને વ્યવસાય વેરાના કુલ કલેક્શનના કેટલા ટકા રકમ ગ્રાન્ટ ઇન એઈડ (સહાયક અનુદાન) તરીકે આપવામાં આવે છે?

(A) ૫૦ ટકા (B) ૪૦ ટકા

(C) ૨૫ ટકા (D) ૬૦ ટકા

22. ભારતમાં સનદી સેવાઓનું વર્ગીકરણ શાને આધારે કરવામાં આવેલું છે?

(A) બંધારણના અનુચ્છેદ -308 (B) સંસદનો કાયદો

(C) સિવિલ સર્વિસિસ રૂલ્સ 1930 (D) ઉપરોક્ત તમામ

23. ભારતની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની સભ્ય સંખ્યા વધારવાની સત્તા કોનામાં નિહિત છે?

(A) રાષ્ટ્રપતિ (B) સંસદ

(C) ભારતના મુખ્ય ન્યાયાધીશ (D) કાયદા પંચ

24. એમજીનરેગાના હિસ્સાધારક – જુનિયર એન્જિનિયર કલસ્ટર ફેસિલિટેશન ટિમ,તકનીકી સહાયકો અને પીઆઈએ ટિમને કયા તાલીમ કર્તાઓ દ્વારા તાલીમ ની જરૂરિયાત પૂર્ણ કરવામાં આવશે?

(A) કલસ્ટર ફેસિલિટેશન /પીઆઇએ ટીમ દ્વારા

(B) રાજ્ય દ્વારા નક્કી કરેલ સંસાધન સંસ્થાઓ

(C) જિલ્લા મુખ્ય તાલીમ કર્તાઓ

(D) ઈજીએ અને મેટઓ(મેટ્સ) દ્વારા

25. ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોના પગાર કઈ નિધિમાંથી કરવામાં આવે છે?

(A) ભારતની સંચિત નિધિમાંથી

(B) રાજ્યની સંચિત નિધિમાંથી

(C) ભારતની આકસ્મિક નિધિમાંથી

(D) રાજ્યની આકસ્મિક નિધિમાંથી

26. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ–1961 ની જોગવાઈ મુજબ મંડળીના સભાસદને છૂટા કરવા બાબતે, ખાસ સાધારણ સભામાં છૂટા કરાનાર સભ્યને ખુલાસો કરવાની તક આપ્યા બાદ ચર્ચા વિચારણા બાદ હાજર રહેલા અને મત આપતા કેટલા સભ્યોની બહુમતીથી આ ઠરાવ મંજૂર કરી શકાય છે?

(A) 2/3 સભ્યો

(B) 1/3 સભ્યો

(C) 3/4 સભ્યો

(D) કુલ સભાસદોની બહુમતી

27. 'ચૂંટણી વિષયક ન્યાયાલયોની દરમ્યાનગીરી ઉપર પ્રતિબંધ' અંગેની જોગવાઈ ભારતના બંધારણની ક્યા અનુચ્છેદ હેઠળ કરવામાં આવેલી છે ?

(A) 327

(B) 329

(C) 331

(D) 333

28. રાજ્ય સરકાર સચિવથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા કયા અધિકારીને આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના અધિકારી તરીકે નીમી શકશે?

(A) રાજ્ય રાહત કમિશનર

(B) મુખ્ય કારોબારી અધિકારી

(C) રાજયના મહેસૂલ વિભાગના સચિવ

(D) જિલ્લા વિકાસ અધિકારી

29. રાજ્ય નાણાંપંચ નીચેની કઈ બાબતોએ રાજ્યપાલને ભલામણ કરશે ?

1 એકત્રિત નિધિમાંથી અનુદાન આપવા સંબંધે

2 રાજ્ય અને પંચાયતો તથા નગરપાલિકા વચ્ચે કરની વહેંચણી

3 પંચાયતો નગરપાલિકાની નાણાકીય પરિસ્થિતિ સુધારવા જરૂરી પગલાં લેવા

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3

30. ઈ- ધરા યોજના શા માટે છે?

(A) જમીનના દસ્તાવેજોની નોંધ

(B) ૭/૧૨ અને ૮- અ ના ઉતારા મેળવવા

(C) ગૌચર જમીનની માપણી

(D) ઉપરોક્ત તમામ

31. ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકો વચ્ચે પરસ્પર સદભાવ વધે, સામૂહિક એખલાસની ભાવના પ્રબળ બને, એકતા જળવાય, ભાઈચારાની ભાવના વધે તેમજ વાદ-વિવાદોના ઉકેલ ચર્ચાથી કરવાના હેતુસર / ઉદ્દેશથી કઈ યોજના અમલમાં છે?

(A) સીડીપી ૧૭ રુબન અને વતન પ્રેમ યોજના (B) સીડીપી ૧૧ સમરસ

(C) સીડીપી ૯ તીર્થ ગામ – પાવન ગામ (D) સીડીપી ૧૦ પંચવટી

32. નીચેના વિધાનો વાંચો. તેમાંથી કયું સાચું છે ?

1 રાષ્ટ્રપતિ UPSC ના અધ્યક્ષની અને તેના સભ્યોની નિમણૂક કરે છે.

2 UPSC તેનો વાર્ષિક અહેવાલ રાષ્ટ્રપતિને સુપ્રત કરે છે.

3 રાષ્ટ્રપતિની જવાબદારી છે કે UPSC નો વાર્ષિક અહેવાલ સંસદમાં રજૂ થાય.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 3

(C) માત્ર 2 અને 3 (D) 1,2 અને 3

33. રાજ્ય સરકારને બંધારણના ક્યા અનુચ્છેદ હેઠળ ગ્રામ્ય પંચાયત સ્થાપવાની સત્તા પ્રાપ્ત થાય છે?

(A) અનુચ્છેદ 50 (B) અનુચ્છેદ 57

(C) અનુચ્છેદ 40 (D) અનુચ્છેદ 58

34. જિલ્લા સ્તરે મનરેગાના અમલીકરણ માટે કયા અધિકારી/ અધિકારીઓને જિલ્લા પ્રોગ્રામ કોઓર્ડિનેટર તરીકેનો હોદ્દો આપવામાં આવે છે?

(A) જિલ્લા કલેક્ટર અથવા જિલ્લા વિકાસ અધિકારી

(B) ડેપ્યુટી જિલ્લા વિકાસ અધિકારી

(C) અધિક જિલ્લા કલેક્ટર

(D) જિલ્લા પંચાયતના અધ્યક્ષ

35. ભારતના સંવિધાનની કઈ જોગવાઈ હેઠળ સર્વોચ્ચ અદાલતને પોતાના આદેશના તિરસ્કાર બદલ શિક્ષા કરવાની સત્તા મળે છે?

(A) અનુચ્છેદ-124 (B) અનુચ્છેદ-129

(C) અનુચ્છેદ-141 (D) અનુચ્છેદ -142

36. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ – 1961 ની જોગવાઈ મુજબ શહેરી સહકારી બેન્ક સમિતિના સભ્ય બનવા માટેની નીચે દર્શાવેલ લાયકાતો પૈકી કઈ કઈ લાયકાત જરૂરી છે?

(A) સતત ત્રણ વર્ષથી ઓછી નહીં તેટલી મુદત સુધી બેન્કના સભ્ય હોય અને આવા સભ્ય તરીકે ચાલુ રહેલ હોય.

(B) રૂ. 20,000/- થી ઓછી નહીં તેટલી રકમ બેન્કમાં જમા કરાવેલ હોય અને આવી રીતે જમા કરાવવાનું ચાલુ રાખેલ હોય.

(C) જે નાણાકીય વર્ષમાં ચૂંટણી યોજાયેલ હોય તેની અગાઉના સમગ્ર નાણાકીય વર્ષ માટે બેન્કનો સભ્ય હોય અને ચાલુ હોય

(D) ઉક્ત A અને B બંને

37. દરેક સ્તરની પંચાયતોના અધ્યક્ષોના હોદ્દાની કુલ સંખ્યાના કેટલાથી ઓછા હોય તેટલા હોદ્દાઓ મહિલાઓ માટે અનામત રાખવાના હોય છે?

(A) બે તૃતીયાંશ (B) એક તૃતીયાંશ

(C) ત્રીસ ટકા (D) પચીસ ટકા

38. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળની બેઠકોમાં ઉપસ્થિત થતાં પ્રશ્નોનો નિર્ણય કેવી રીતે કરવામાં આવે છે ?

(A) હાજર રહીને મત આપતા 3/૪ સભ્યો દ્વારા

(B) હાજર રહીને મત આપતા ૧/3સભ્યો દ્વારા

(C) હાજર રહીને મત આપતા બહુમતી સભ્યો દ્વારા

(D) બેઠકના અધ્યક્ષનો નિર્ણય આખરી ગણાશે

39. પંચાયતોનું ઓડિટ કયા અધિનિયમ હેઠળ થાય છે?

(A) ગુજરાત પંચાયત અધિનિયમ 1993

(B) ગુજરાત લોકલ ફંડ અધિનિયમ 1963

(C) ગુજરાત તિજોરી અધિનિયમ 1963

(D) ગુજરાત પંચાયત અધિનિયમ 1958

40. ઈ – ગ્રામ વિશ્વગ્રામ યોજના હેઠળ બ્રોડબેન્ડ સેવાથી કઈ સેવાઓ પ્રાપ્ત થાય છે?

(A) જન્મ, મૃત્યુ, જ્ઞાતિ અને આવકના પ્રમાણપત્રો

(B) કરવેરાની ચુકવણીની પહોચ

(C) ૭/૧૨ અને ૮- અ ના ઉતારા

(D) ઉપરોક્ત તમામ

41. કાચા આવાસ ધરાવતા એ.પી.એલ. લાભાર્થીઓને ગુણવત્તા યુક્ત આવાસ બાંધકામ માટે રૂ.૪૦,૦૦૦ની સબસિડી કયી યોજના અંતર્ગત તાલુકા પંચાયત દ્વારા આપવામાં આવે છે?

(A) મુખ્ય મંત્રી ગૃહ યોજના

(B) એચ.એસ.જી-૧, સરદાર આવાસ યોજના-૨

(C) શ્યામાપ્રસાદ મુખર્જી રુબન મિશન યોજના

(D) પ્રધાનમંત્રીઆવાસ યોજના (ગ્રામીણ)

42. કયો બંધારણીય સુધારો “ જિલ્લા આયોજન સમિતિ”ની જોગવાઈ કરે છે ?

(A) ૭૨ મો બંધારણીય સુધારો

(B) ૭૪ મો બંધારણીય સુધારો

(C) ૭૩ મો બંધારણીય સુધારો

(D) ૮૦ મો બંધારણીય સુધારો

43. પંચાયતી રાજ્ય વ્યવસ્થાનો મૂળ ઉદ્દેશ શું નિશ્ચિત કરવાનો છે?

1. વિકાસમાં લોક ભાગીદારી

2. લોકશાહી વિકેન્દ્રીકરણ

3. નાણાકીય સંગ્રહ

4. રાજકીય જવાબદારી

ઉપરના પૈકી કયું /કયાં વિધાન સાચું/ સાચાં છે?

(A) 1 અને 2

(B) 2 અને 3

(C) 1,2 અને 4

(D) 1, 2, 3 અને 4

44. મનરેગાના અમલીકરણ માટે જિલ્લા સ્તરે તકનીકી સમિતિની રચનામાં નીચેના પૈકી કયી સંસ્થા / સમુદાય ના પ્રતિનિધિનો સમાવેશ થશે નહીં?

(A) સંબધિત તકનીકી વિભાગના જિલ્લાના અધિકારીઓ

(B) શૈક્ષણીક સમુદાયના પ્રતિનિધિઓ

(C) સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ

(D) જિલ્લા પંચાયતના સભ્યો

45. નાણાંપંચમાં કેટલા સભ્યો નિયુક્ત થયેલ હોય છે ?

(A) અધ્યક્ષ,નાણાં મંત્રી, અને નાણાં સચિવ

(B) અધ્યક્ષ અને અન્ય 4 સભ્યો

(C) અધ્યક્ષ અને લોકસભાના સ્પીકર

(D) અધ્યક્ષ અને અન્ય 6 સભ્યો

46. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ – 1961ની જોગવાઈ મુજબ મંડળીના સભ્ય તરીકે દાખલ થવા માંગતી દરેક વ્યકતી અને સભ્યપદ માટે લાયકાત ધરાવતી હોય તો મંડળીને અરજી મળ્યાની તારીખથી કેટલી મુદતમાં મંડળીએ નિર્ણયની જાણ કરવાની રહે છે?

(A) સાઇઠ દિવસની મુદતની અંદર

(B) અરજી મળ્યાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર

(C) છ મહીનાની મુદતની અંદર

(D) 120 દિવસની મુદતની અંદર

47. 74 મા બંધારણીય સુધારા અનુસાર શાની રચના કરવાનું જણાવવામાં આવ્યું?

(A) ગ્રામસભા

(B) વોર્ડ સમિતિ

(C) સામાજિક ન્યાય સમિતિ

(D) ઉક્ત (A), (B) અને (C) ત્રણેય

48. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના અધ્યક્ષ તરીકે કોને નિયુક્ત કરવામાં આવે છે?

(A) રાજયપાલ

(B) રાજ્યના મુખ્ય મંત્રી

(C) રાજયના મહેસૂલ મંત્રી

(D) રાજ્યના મુખ્ય સચિવ

49. ભારતના સંવિધાનમાં 'જાહેર આરોગ્ય અને સ્વચ્છતા, હોસ્પિટલ અને ઔષધાલય' નો સમાવેશ કઈ યાદીમાં થયો હતો?

(A) સંઘ યાદી

(B) રાજ્ય યાદી

(C) સંયુક્ત યાદી

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

50. ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજનાનો હેતુ શો છે?

(૧) પંચાયતની વિવિધ કામગીરીને આઈ.ટી. ના અમલ દ્વારા અદ્યતન, સુવ્યવસ્થિત, સમયબદ્ધ સરળ ઝડપી, ક્ષતિરહિત અને પારદર્શક બનાવવી

(૨) શહેરમાં નાગરિકોને મળતી ઈ-સેવાઓ ગ્રામજનોને પણ ઈ-ગ્રામ પંચાયત દ્વારા પૂરી પાડવી.

(3) મિલકત આકારણી અને વેરા વસૂલાતની કામગીરી સરળ બનાવવી.

(૪) પંચાયતીરાજની વિવિધ યોજનાઓનું આયોજન, સમીક્ષા અમલીકરણને અસરકારક બનાવવું.

(A) માત્ર 3 અને ૪

(B) માત્ર ૧ અને ૪

(C) માત્ર ૨ અને 3

(D) ૧ , ૨, 3 અને ૪

51. સરકારશ્રી દ્વારા બજાર સમિતિઓના વિકાસ દ્વારા પ્રાથમિક જરુરીયાતો ઊભી કરવા 'કિસાન કલ્પવૃક્ષ યોજના' અંતર્ગત નાણાકીય સહાયનું ધોરણ શું છે ?

(A) પ્રોજેકટ કોસ્ટના 25% થી 100%, મહ્ત્તમ 50 લાખ

(B) 'અ' અને 'બ' વર્ગની બજાર સમિતિને 25% તથા 'ક' અને 'ડ' વર્ગની બજાર સમિતિને 50%, વધુમાં વધુ 5 કરોડ

(C) વર્ગના ધોરણો ધ્યાને લીધા સિવાય પ્રોજેક્ટ કોસ્ટના 50%

(D) કુલ માન્ય ખર્ચના 35% થી 50%

52. અમલદારોના વર્તણૂક અને શિસ્ત માટેના નિયમો શાની સાથે સંબંધિત છે?

(A) તેમની ખાનગી મિલકતની જાહેરાત (B) બહારની એજન્સીઓ સાથેના સંબંધો

(C) તેમના દ્વારા સરકારની ટીકા કરવા પર નિયંત્રણ (D) ઉપરોકત તમામ

53. ચૂંટણીની આચારસંહિતા ક્યારથી લાગુ કરવામાં આવે છે?

(A) ઉમેદવારી પત્રક ભરવાની છેલ્લી તારીખ પછીના દિવસથી

(B) મતદાનની તારીખના 10 દિવસ અગાઉથી

(C) જ્યારે ચૂંટણીની તારીખ ચુંટણી પંચ દ્વારા વિધિવત જાહેર થાય ત્યારથી

(D) ઉમેદવારોની આખરી યાદી પ્રસિદ્ધ થાય તે તારીખથી

54. કેન્દ્રિય રોજગાર બાહેંધરી કાઉન્સીલ(CEGE)ની વિવિધ ભૂમિકાઓ પૈકી કઈ બાબત સાચી નથી?

(A) મનરેગા યોજનાના અમલીકરણ અંગે કેન્દ્ર સરકારને સલાહ સૂચનો આપવા .

(B) યોજનાનો જેટલો બને તેટલો વધારે પ્રસાર કરવો .

(C) બધા જ સ્તર પર જવાબદારી અને પારદર્શિતા સુનિશ્ચિત કરવી.

(D) કાયદાના અમલીકરણ અંગે વાર્ષિક અહેવાલ તૈયાર કરી કેન્દ્ર સરકારને સોંપી લોકસભામાં રજૂ કરવો/કરાવવો

55. ત્રણ યાદીઓ રાજ્યયાદી, સંઘયાદી અને સંયુકત યાદીની વિગતો બંધારણની કઈ સૂચિમાં છે?

(A) ચોથી (B) પાંચમી

(C) સાતમી (D) નવમી

56. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ –1961 ની જોગવાઈ મુજબ મંડળીના સહસભ્યો અને સહાભૂતિ સભ્યોની કુલ સંખ્યા તેના સભ્યોની કુલ સંખ્યાના કેટલા ટકાથી વધવી જોઈએ નહીં.?

(A) 20% (B) 10%

(C) 30% (D) 25%

57. ભારતના ચૂંટણી પંચના મુખ્ય કાર્યો પૈકી કયું કાર્ય સાચું નથી?

(A) ચૂંટણી મતવિસ્તારનું પરિસીમન અથવા સીમાંકન વસ્તી ગણતરી પછી કરવામાં આવે છે.

(B) લોકસભા અથવા વિધાનસભાની ચૂંટણી પહેલા મતદારયાદીઓ નક્કી કરે છે.

(C) રાજકીય પક્ષોને માન્યતા આપવી અને માન્યતા પ્રાપ્તને અનામત ચિહ્ન આપે છે.

(D) રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને લોકસભાના અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષની ચૂંટણીઓનું નિયંત્રણ અને નિયમન પણ કરે છે.

58. SWAGAT નું પૂરું નામ છે ?

(A) State Wide Attention On Grievances by Application of Technology

(B) State Wide Action On Grievances by Application of Technology

(C) State Wide Attention On Grievances by Application of Transparency

(D) State Wide Attention On Grievances by Application of Terminology

59. બંધારણના કયા અનુચ્છેદમાં પંચાયતોની સત્તાઓ ,અધિકાર અને જવાબદારીઓ અંગે જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ 243 (E) (B) અનુચ્છેદ 243 (G)

(C) અનુચ્છેદ 243 (F) (D) અનુચ્છેદ 243 (H)

60. આપત્તિ વ્યવસ્થાપન માટેના સત્તામંડળો પૈકી સ્થાનિક સત્તામંડળોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થશે?

૧. નગરપtચાયત

૨. મ્યુનિસિપલ કોર્પોરેશન

3. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, ગ્રામ પંચાયત

૪. કેન્ટોનમેન્ટ બોર્ડ

(A) માત્ર 3 અને ૪ (B) માત્ર ૧ અને 3

(C) માત્ર ૧, ૨ અને 3 (D) ૧, ૨, 3 અને ૪

61. નીચે દર્શાવેલ લક્ષણો/ વિશેષતાઓ ધ્યાને લઈ કેન્દ્ર સરકારની યોજનાની ઓળખ કરો.

(૧) વર્ષ ૨૦૧૫ થી કેન્દ્ર સરકાર દ્વારા આ યોજના શરૂ કરવામાં આવી

(૨) અસંગઠીત ક્ષેત્રના કામદારોને વૃદ્ધાવસ્થા દરમિયાન નિયમિત માસિક ધોરણે રોકડ પૂરી પાડવી

(3) આ યોજનામાં અગાઉની “રાષ્ટ્રીય સ્વાલંબન યોજના” મર્જ કરવામાં આવેલ છે.

(A) સુકન્યા સમૃદ્ધિ યોજના (B) અટલ પેન્શન યોજના

(C) માનવ ગરિમા યોજના

(D) સંકટ મોચન યોજના

62. 74મા બંધારણીય સુધારા અનુસાર કયા વિસ્તારમાં પાલિકાની રચના થતી નથી?

(A) ત્રણ લાખથી ઓછી વસ્તી હોય ત્યાં

(B) ઔદ્યોગિક ટાઉનશીપ

(C) જ્યાં વસ્તી 10 લાખથી વધુ હોય ત્યાં

(D) જ્યાં ખેતીનો વિસ્તાર હોય તેમાં

63. નીચેનામાંથી કઈ બાબતનો પંચાયતના કાર્યક્ષેત્રમાં સમાવેશ થતો નથી?

(A) ગ્રામ વીજળીકરણ

(B) પરીવાર કલ્યાણ

(C) ઉચ્ચ શિક્ષણ

(D) લઘુ સિંચાઇ

64. મનરેગા યોજના અંતર્ગત કામ શરૂ કરવામાં કયું કામ અગ્રતાના ધોરણે શરૂ કરવું જોઈએ તે નક્કી કરવાની આખરી સત્તા કોની રહેશે?

(A) ગ્રામપંચાયત

(B) બ્લોક સ્તર (ગ્રામસભા)

(C) જિલ્લા પ્રોગ્રામ કોઓર્ડિનેટર

(D) ગ્રામ વિકાસ મંત્રાલય (MoRD)

65. "લોકશાહી અને વિકાસ માટે પંચાયતીરાજ સંસ્થાઓના પુનરોદ્ધાર"ની સમિતિના અધ્યક્ષ કોણ હતા?

(A) એલ. એમ. સિંઘવી

(B) એન.કે.પી.સાલ્વે

(C) જી.વી. કે. રાવ

(D) કે. સી. પંત

66. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ – 1961 ની જોગવાઈ મુજબ અન્ય મંડળી સાથે જોડાયેલી, વિભાજન થયેલ અથવા રૂપાંતર કરેલી મંડળીઓનું રજીસ્ટ્રેશન કયારે રદ થશે?

(A) બે અથવા વધારે મંડળીઓનું જોડાણ કરવામાં આવ્યું હોય તેવા નિર્ણય થયેથી

(B) મંડળીનું વિભાજન અથવા રૂપાંતર કરવામાં આવ્યું હોય.

(C) નવી રચાયેલી મંડળી અથવા મંડળીઓના રજીસ્ટ્રેશનની તારીખે રદ થશે.

(D) મંડળી પોતાની અસ્કયામતો અને જવાબદારી બીજી મંડળીને તબદીલ કરે ત્યારે

67. જિલ્લા પંચાયત સભ્ય પોતાના હોદ્દાની મુદત દરમિયાન .....

1. ગેરહાજરીની રજા મંજૂરી સિવાય સતત ત્રણ મહિના કરતાં વધારે સમય ગેરહાજર રહે

2. પંચાયતની રજા સિવાય લાગલગાટ ચાર બેઠકોમાં ગેરહાજર રહે તો આ સંજોગોમાં તે સભ્ય તરીકે બંધ થાય છે

ઉપરોક્ત વાક્યો ચકાસો

(A) 1 અને 2 સાચાં છે.
(B) 1 અને 2 સાચાં નથી.
(C) માત્ર 1 સાચાં છે.
(D) માત્ર 2 સાચાં છે.

68. નિરામયા હેલ્થ ઈન્સ્યોરન્સ યોજના હેઠળ કયા પ્રકારની ક્ષતિ ધરાવતા વ્યક્તિઓને રૂ. ૧,૦૦,૦૦૦ નું વીમા કવચ મળવાપાત્ર છે ?

(A) મેન્ટલ રીટાર્ડડ (માનસિક ક્ષતિવાળા)

(B) સેરેબલ પાલ્સી (મગજનો લકવો),ઓટીઝમ

(C) બહુવિધ વિકલાંગતા

(D) ઉપરોક્ત તમામ પ્રકારની ક્ષતિ

69. રાજયમાં ત્રણ સ્તરની પંચાયતની રચના હોવી જોઈએ તેવી જોગવાઈ ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં કરવામાં આવેલ છે ?

(A) અનુચ્છેદ 243 (A)
(B) અનુચ્છેદ 243 (f)
(C) અનુચ્છેદ 243 (g)
(D) અનુચ્છેદ 243 B (1)

70. આપત્તિ પ્રભાવ અથવા તેની અસરો ઘટાડવાના હેતુથી લેવાનાર પગલાં એટલે......

(A) પુન: નિર્માણ
(B) પુર્ન વસન
(C) મિટિગેશન
(D) નિવારણ

71. ઉત્તર ગુજરાતના જળ તણાવવાળા વિસ્તારોમાં ભૂગર્ભ જળ વ્યવસ્થાપન દ્વારા ભૂગર્ભ જળસંચયની કામગીરી કઈ યોજના હેઠળ હાથ ધરવામાં આવે છે?

(A) સ્ત્રાવ વ્યવસ્થાપન યોજના

(B) અટલ ભૂજલ યોજના(અટલ જલ)

(C) મોટાકદની ખેત તલાવડી

(D) સુજલામ સુફલામ યોજના

72. 74મા બંધારણીય સુધારા અનુસાર પાલિકામાં વોર્ડ સમિતિઓની રચના માટે કેટલી વસ્તી પાલિકામાં હોવી જોઈએ?

(A) ત્રણ લાખ કે તેથી વધુ વસ્તી

(B) બે લાખથી ઓછી

(C) પાંચ લાખ કે તેથી વધુ વસ્તી

(D) એક લાખ કે તેથી ઓછી

73. ગ્રામપંચાયતની રચના માટે જરૂરી એવી વસ્તી, કોઈ ગામ ન ધરાવતું હોય તો તેને પંચાયત રચવા શું કરવું પડે ?

(A) ઓછામાં ઓછી વસ્તી ધરાવતા બે સ્વતંત્ર ગામો ભેગા મળી સંયુક્ત ગ્રામ પંચાયત

(B) જરૂરી વસ્તી થાય ત્યાં સુધી રાહ જોવી પડે

(C) જે ગામમાં જરૂરી વસ્તી હોય તેવા ગામ સાથે જોડાઈ સંયુક્ત પંચાયત રચી શકાય.

(D) અન્ય પંચાયતનું નિયંત્રણ સ્વીકારી તેના દ્વારા ગામનો વહીવટ કરવો.

74. મહાત્મા ગાંધી નરેગા (મનરેગા) યોજનાના હિતધારકો પૈકી વેતન વાંચ્છુકોના અધિકારો અને કામની માંગણી સંદર્ભે કયો અધિકાર પ્રાપ્ત થતો નથી ?

(A) અરજીની તારીખથી ૧૫ દિવસમાં કામ મેળવવું

(B) નોંધણી માટેની અરજી કરવી

(C) જાગૃતિ નિર્માણ અને સામાજિક ગતિશીલતા

(D) જોબ કાર્ડ મેળવવું

75. નાણાંપંચ કેન્દ્ર તરફથી રાજ્યોને જે અનુદાનની ભલામણ કરે છે તે અનુદાનને શું કહે છે ?

(A) વિકાસ અનુદાન

(B) યોજના અનુદાન

(C) વૈધાનિક અનુદાન

(D) થાપણ/ ભંડોળ અનુદાન

76. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ – 1961 ની જોગવાઈ મુજબ રજીસ્ટ્રારશ્રીના અભિપ્રાયમાં નીચેના પૈકી કઈ બાબતો જોવા મળતા મંડળીને આ અધિનિયમ હેઠળ રજીસ્ટર કરી શકાશે નહીં?

(A) મંડળી આર્થિક દ્રષ્ટિએ અસ્થિર છે.

(B) તેના રજીસ્ટ્રેશનને લીધે બીજી કોઈ મંડળી ઉપર પ્રતિકૂળ અસર થાય તેમ છે.

(C) જાહેરનીતિની વિરુદ્ધ અથવા કામકાજથી જાહેરનીતિ ઉલ્લંઘન થવાનો સંભવ છે.

(D) ઉપરના તમામ

77. જિલ્લા પંચાયત નીચેના પૈકી કઈ સમિતિને સોંપેલ સત્તા, ફરજો પરત લઈ શકતી નથી ?

(A) ઉત્પાદન સહકાર અને સિંચાઈ

(B) કારોબારી સમિતિ

(C) સામાજિક ન્યાય સમિતિ

(D) પચીસ ટકા

78. રાજ્યની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા સામાન્ય પ્રજાજનોને નાગરિક સેવાઓ આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ વડે મળી રહે તે માટે કઈ યોજના શરૂ કરેલ છે ?

(A) અમૃત યોજના (B) ઈ-ગવર્નન્સ

(C) ઇ-નગરયોજના (D) CERT-G

79. ભારતના બંધારણનો કયો ભાગ સંઘ અને રાજ્યો હેઠળની સેવાઓ સંબંધિત છે

(A) ભાગ 12 (B) ભાગ -13

(C) ભાગ -14 (D) ભાગ -15

80. SDRF નું પૂરું નામ શું છે?

(A) State Disaster Regional Fund

(B) State Disaster Reforms Fund

(C) State Disaster Response Fund

(D) State Disaster Recovery Fund

81. રાજ્યના પશુધન માટે સુદ્રઢ પશુ આરોગ્ય સેવાઓ , સઘન રસીકરણ અને રોગ નિયંત્રણ માટે વર્ષ ૨૦૨૨-૨૩માં કેટલા પશુ આરોગ્ય મેળા કરવાનું આયોજન છે ?

(A) ૩૬૧૮

(B) ૪૪૯૭

(C) ૪૫૦૦

(D) ૪૦૦૦

82. ગુજરાત, દેશમાં ઔદ્યોગિક વાણિજીયક અને રહેણાક ક્ષેત્રે કુલ કેટલા મેગાવોટ સોલાર રૂફટોપ સિસ્ટમની સ્થાપના સાથે પ્રથમ ક્રમે છે ?

(A) 1444 મેગાવોટ

(B) 1450 મેગાવોટ

(C) 1400 મેગાવોટ

(D) 1470 મેગાવોટ

83. 73 મા બંધારણીય સુધારા સંદર્ભે નીચેના પૈકી કઈ બાબત સાચી નથી?

(A) ગ્રામસભાની જોગવાઈ

(B) પંચાયતોમાં અનુસુચિત જાતિ અને જનજાતિ તેમજ મહિલાઓ માટે અનામત બેઠકો

(C) 20 લાખથી ઓછી વસ્તીવાળા રાજયમાં ત્રિસ્તરીય પંચાયતી રાજની રચના થશે નહીં.

(D) પંચાયતની ચૂંટણીની બાબતોમાં ન્યાયાલયની દરમિયાનગીરીના બાધ અંગે

84. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) ક્યારે અમલમાં આવ્યો ?

(A) ૨ ઓક્ટોબર ૨૦૦૯

(B) ૨ ઓક્ટોબર ૨૦૧૦

(C) ૨ ઓક્ટોબર ૨૦૦૭

(D) ૭ સપ્ટેમ્બર ૨૦૦૫

85. સર્વોચ્ચ અદાલતના અધિકાર ક્ષેત્ર બાબતે નીચે આપેલ વિધાનો પૈકી કયું/કયા સત્ય છે ?

1 ભારતના રાષ્ટ્રપતિ જાહેર હિતની કોઈ પણ બાબતે અભિપ્રાય મેળવી શકે છે

2 સર્વોચ્ચ અદાલતના સલાહ અધિકાર ક્ષેત્ર હેઠળ આપેલ અભિપ્રાય સરકારને બંધનકર્તા નથી

3 અનુ.-32 હેઠળ નાગરિકોના મૂળભૂત અધિકારો અમલમાં મૂકવા સમાદેશ(રીટ) લાગુ કરી શકે

(A) માત્ર 1 અને 2

(B) માત્ર 2 અને 3

(C) માત્ર 2

(D) 1, 2 અને 3

86. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ – 1961 ની કઈ કલમ હેઠળ રજીસ્ટ્રારે દર વર્ષે ઓછામા ઓછા એક વાર દરેક મંડળીના હિસાબોનું ઓડિટ કરવું પડશે અથવા અધિકૃત કરેલ ઓડિટર પાસે તે ઓડીટ કરાવવું પડશે

(A) કલમ- ૮૬

(B) કલમ-૮૮

(C) કલમ-૯૩ (D) કલમ-૮૪

87. રાજ્ય સરકારે રાજ્યની ગ્રામ પંચાયતના સરપંચના હોદ્દા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે કેટલા ટકા અનામત રાખવા જોઈએ?

(A) 7% (B) 4%
(C) 27% (D) 10%

88. રાજ્યના જિલ્લા અને કોર્પોરેશન વિસ્તારની ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ જતી કે ન જતી કિશોરીઓને પૂરક અને બિન પોષણની સેવાઓ પૂરી પાડતી યોજના કઈ છે ?

(A) પુર્ણા યોજના

(B) પૂરક પોષણ યોજના

(C) મિશન મંગલમ

(D) સ્ટેટ ન્યૂટ્રિશન મિશન

89. રાજ્ય જાહેર સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યોની હોદ્દાની મુદત કેટલી હોય છે?

(A) ૬ વર્ષ અથવા ૬૨ વર્ષ ઉંમર બંનેમાંથી જે વહેલા હોય ત્યાં સુધી

(B) ૫ વર્ષ અથવા ૬૪ વર્ષ ઉંમર બંનેમાંથી જે વહેલા હોય ત્યાં સુધી

(C) ૩ વર્ષ અથવા ૬૨ વર્ષ ઉંમર બંનેમાથી જે વહેલા હોય ત્યાં સુધી

(D) ૫ વર્ષ અથવા ૬૫ વર્ષ ઉંમર બંનેમાથી જે વહેલા હોય ત્યાં સુધી

90. આપત્તિ વ્યવસ્થાપનના મુખ્ય ચાર આધાર સ્તંભોમાં કઈ એક બાબત સમાવિષ્ટ થતી નથી?

(A) Mitigation (જોખમ ઘટાડવું)

(B) Preparedness(તાકીદની તૈયારી)

(C) Response& Recovery (પુનઃ નિર્માણ, પુનર્વસન)

(D) સ્થળાંતર

91. ભારતમાં પ્રથમ બુલેટ ટ્રેન યોજનાના અમલીકરણમાં હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ અંતર્ગત મુંબઈ અમદાવાદ ને જોડતો રેલ પ્રોજેકટ ક્યાંથી શરૂ થઈ કયા સ્ટેશન નજીક સમાપ્ત થાય છે?

(A) મૂંબઈના બાંદ્રા કુર્લા સંકુલથી શરૂ થઈ અમદાવાદમાં સાબરમતી રેલ્વે સ્ટેશન નજીક

(B) મૂંબઈના સેન્ટ્રલ સ્ટેશન સંકુલથી શરૂ થઈ અમદાવાદમાં કાલુપુર રેલ્વે સ્ટેશન નજીક

(C) મૂંબઈના દાદર સંકુલથી શરૂ થઈ અમદાવાદમાં અસારવા રેલ્વે સ્ટેશન નજીક

(D) મૂંબઈના બોરીવલી સંકુલથી શરૂ થઈ અમદાવાદમાં મણિનગર રેલ્વે સ્ટેશન નજીક

92. શહેરી સ્થાનીક સ્વરાજની સંસ્થાઓમાં શાનો સમાવેશ થાય છે?

1. નગરપાલિકા અને મહાનગરપાલિકા

2. નોટિફાઈડ એરિયા કમિટી

3. ઔદ્યોગિક ટાઉનશીપ

4. કેન્ટોનમેન્ટ બોર્ડ

ઉપરનામાંથી શું સાચું છે?

(A) ૧,૨,૪
(B) ૧ અને ૪
(C) ૧,3 ,૪
(D) ૧,૨ ,3,૪

93. ગ્રામ પંચાયતના ફરજિયાત કાર્યોમાં નીચેના પૈકી કયા કાર્યનો સમાવેશ થતો નથી ?

(A) આપત્તિ સમયે રાહત

(B) રાજમાર્ગો પર દીવાબત્તી

(C) પીવાના પાણીની વ્યવસ્થા

(D) ગ્રામપંચાયતની મિલકતની જાળવણી

94. કામ માટેની અરજી સ્વીકારવાનો ઇનકાર કરવો અને તારીખ સાથેની પહોંચ આપવાનો ઇનકાર કરવો એ એમજીનરેગાની કઈ કલમ હેઠળ નિયમનો ભંગ ગણાશે ?

(A) કલમ -20
(B) કલમ -22
(C) કલમ -21
(D) કલમ -25

95. ન્યાયિક સમાલોચના (જ્યુડિશ્યલ રિવ્યુ) શેના આધારિત છે?

(A) કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા

(B) પ્રસ્થાપિત પ્રણાલિકા

(C) કાયદાના નિયમાનુસાર

(D) કાયદાની યોગ્ય પ્રક્રિયા

96. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ 1961ની કલમ 33 હેઠળ મંડળીનો દરેક સભ્ય મંડળીએ નિયત કરેલ સમયે મંડળીની ઓફિસમાં નીચેના પૈકી કઈ બાબત વિના મૂલ્યે જોવાને હક્કદાર નથી?

(A) છેલ્લું ઓડિટ થયેલ સરવૈયું અને નફા – તોટાનો હિસાબ

(B) સમિતિના સભ્યોની યાદી અને સભ્યોનું રજીસ્ટર

(C) સહકારી મંડળી અધિનિયમની નકલ, નિયમો અને ઉપનિયમો

(D) મંડળીના સભાસદો સાથે નોંધવામાં આવેલ તમામ લેવડદેવડ ના ચોપડા કે દફ્તર

97. ગુજરાત પંચાયત અધિનિયમ, 1993ની જોગવાઇઓ અનુસાર રાજ્ય સરકાર આર્થિક વિકાસ અને સામાજીક ન્યાય માટેની યોજનાઓ જિલ્લા પંચાયતોને સોપી શકશે, જેમાં કઈ બાબત સાચી નથી?

(A) ગ્રામ ગૃહ નિર્માણ

(B) સામાજિક વનીકરણ અને ફાર્મ વનીકરણ

(C) જાહેર વિતરણ પદ્ધતિ

(D) કુટુંબ નિયોજનની યોજનાનો પ્રચાર પ્રસાર

98. રાજ્ય સરકારે રાષ્ટ્રીય પર્વોની ઉજવણી માટેની જોગવાઈ કરતી યોજનામાં ઉજવાતા પર્વો પૈકી કયા એક પર્વનો સમાવેશ થતો નથી?

(A) સ્વાતંત્ર દિન

(B) પંચાયત સ્થાપના દિન

(C) પ્રજાસત્તાક દિન

(D) ગુજરાત સ્થાપના દિન

99. બંધારણમાં કઈ સનદી સેવાઓનો ઉલ્લેખ કરાયો છે?

(૧) ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ

(૨) ઇન્ડિયન ફોરેસ્ટ સર્વિસ

(3) ઇન્ડિયન પોલીસ સર્વિસ

(૪) ઓલ – ઇન્ડિયન જ્યુડિશિયલ સર્વિસ

(૫) ઇન્ડિયન ફોરેન સર્વિસ

ઉપરનામાંથી શું સાચું છે?

(A) માત્ર ૧,૨,૪

(B) માત્ર ૧,૪,૫

(C) માત્ર ૧,3,૪

(D) માત્ર ૧,3,૫

100. અનુચ્છેદ 3૧(૧) મુજબ આપત્તિ વ્યવસ્થાપન હેતુઓ માટે નાગરિકોની ફરજોમાં કઈ બાબત સમાવિષ્ટ થતી નથી?

(A) નિવારણ

(B) પ્રતિભાવ , ચેતવણી

(C) તાકીદની કામગીરી, સ્થાળાન્તર

(D) નુકસાની આકારણીમાં મદદ